।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।। ।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।। ।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

### जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દીપાવલિનો દિવ્ય-સંદેશ



પરમ પૂજ્ય સંઘસ્થવિર આચાર્યદેવ

શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

- ધર્મીનું ધ્યેય કેવું હોવું જોઈએ ?
- અમલ-ધર્મનું અને અમાપ-ફળનું સ્વરૂપ શું ?
- તપ કોને કહેવાય ? તપસ્વી કેવો હોય ?

# દીપાવલિનો દિવ્ય સંદેશ

: પ્રવચનકાર :

પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક સુવિશાલગચ્છાધિપતિ

સુવિશુદ્ધમોક્ષમાર્ગપ્રરૂપક વ્યાખ્યાનવાચસ્પતિ

આચાર્યદેવ શ્રીમદ્

વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

—: પ્રકાશક :—

જિનવાણી પ્રચારક ટ્રસ્ટ

મુંબઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: પ્રકાશક :
જિનવાણી પ્રચારક ટ્રસ્ટ
૫૯, બેંક ઓફ ઈન્ડિયા બીલ્ડીંગ
૧૮૫, શેખ મેમણ સ્ટ્રીટ
મુંબઈ-૪૦૦૦૦૨
ફોન નં. ૩૨૭૦૬૧

નકલ : ૧૦૦૦
વિ. સં. ૨૦૪૦
આસો સુદિ પૂર્ણિમા
મૂલ્ય રૂ. ૨-૫૦

: મુદ્રક :
સુમતિ પ્રિન્ટીંગ પ્રેસ,
સોનગઢ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંતરના બે બોલ:

અનેકાનેક પુણ્યાત્માઓને શ્રી સિદ્ધિગતિ પામવાનું આમંત્રણ આપી રહેલા તારક તીર્થાધિરાજ શ્રી **સિદ્ધગિરિજીની** શીતલ છાયા, 'પરમપદને પ્રાપ્ત કરવાનું જ એક લક્ષ્ય સ્થિર કરાવનારા, સુવિશુદ્ધ મોક્ષમાર્ગોપદેશક ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાની તારક નિશ્રા અને સેંકડો પૂ. સાધુ–સાધ્વીજી ભગવંતો તથા ભારતભરના અનેક શ્રી સંઘોના હજારો મહાનુભાવોની ઉપસ્થિતિ–આ સુંદર ત્રિવેણીસંગમનો સુયોગ આ વર્ષે પાલીતાણામાં સાંપડયો અને અનેક પુણ્યાત્માઓ એ સુંદર તકને ઝડપી લઈ દાન-શીલ–તપ અને ભાવધર્મની આરાધનામાં ઉલ્લાસભેર જોડાઈ ગયા.

સકળ શ્રી સંઘના મહાન્ પુણ્યોદયે પૂ. ગચ્છાધિપતિશ્રીજીનું સ્વાસ્થ્ય આજે ૮૯ વર્ષની વૃદ્ધ વયે પણ સાનુકૂળ હોવાથી પ્રાયઃ પ્રતિદિન એક કલાક તેઓશ્રી અમૃતવાણી વરસાવી રહ્યા છે. 'સંસાર ભૂંડો, મોક્ષ રૂડો અને સંસારથી છૂટી મોક્ષને પામવા માટે આ મનુષ્યભવમાં આચરવા યોગ્ય એક માત્ર સંયમ' એ તેઓશ્રીના ઉપદેશામૃતનું કેન્દ્ર હોય છે. પછી, દાનાદિ ધર્મોના વાસ્તવિક હેતુઓ સમજાવતા તેઓશ્રી અત્યંત સરળ અને સચોટ ભાષામાં ફરમાવે છે કે–' લક્ષ્મીરૂપી ડાકણથી છૂટવા માટે દાનધર્મ, ભોગોની ભૂતાવળથી મુક્ત થવા શીલધર્મ, ખાવાપીવાની આસક્તિ અને ઐહિક ઇચ્છામાત્રથી પર થવા તપધર્મ અને ભવજંજાળને ભેદી નાંખવા ભાવધર્મની આચરણા કરવાની છે.' 'નામના' કીર્તિ અને પાટીયા લગાડવા માટે કરાતું દાન એ દાનધર્મ નથી પણ એક જાતનો વેપાર છે, આલોક-પરલોકના ભોગસુખો મેળવવા પળાતું શીલ એ શીલધર્મ નથી પણ એક પ્રકારની વિડંબણા છે, માનાદિ કષાયો અને સાંસારિક લાલસાઓ પોષવા માટે કરાતો તપ એ તપધર્મ નથી પણ કાયકષ્ટ છે અને જ્ઞાનીઓએ જે ભાવે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મની આરાધના કરવા ફરમાવ્યું છે તેથી વિપરીત ભાવે કરાતા ધર્માનુષ્ઠાનો પણ સંસાર સમૂહને વધારનારા છે.' આ તેઓશ્રીની દેશનાનો પ્રધાન સૂર હોય છે. આવી તાત્ત્વિક વાણીના શ્રવણના પ્રભાવે આજે તેઓશ્રીની તારક નિશ્રામાં અનેકવિધ ધર્માનુષ્ઠાનો શાસનની શાન વધારે તે રીતે ઉજવાઈ રહ્યાં છે. પુણ્યાત્માઓ ઉલ્લાસભેર દાનની ગંગા વહાવે છે, આરાધકોમાં તપધર્મનો ડંકો જોરશોરથી વાગી રહ્યો છે, તે ઉપરાંત પ્રભુભકિત, તીર્થભકિત, ગુરૂભકિત, સાધર્મિકભકિત, જીવદયા, અનુકંપા આદિ અનેક સુકૃત્યોથી સમગ્ર વાતાવરણ ઝળહળી રહ્યું છે. બાળકો, યુવાનો, પ્રૌઢો અને વૃદ્ધો સૌ પોતપોતાની શકિત અને સંયોગો અનુસાર આરાધનામાં લાગી ગયા છે. તેમનું લક્ષ્ય રખે ચૂકાઈ ન જાય તે માટે પૂજ્યપાદશ્રીજીના પ્રવચનો દ્વારા સાવધાનીના સૂર સદા તેમના કાને પડતા રહે છે, એ તેઓનું એક મોટું સૌભાગ્ય છે.

દીપાવલિકા પર્વ હવે નજીક આવી રહ્યું છે. પરમ તારક પરમાત્મા મહાવીરદેવે એ દિવસોમાં સોળ પ્રહરની અંતિમ દેશના ફરમાવી. એ દેશનામાં એ તારકે અનેક વસ્તુઓ સ્પષ્ટ કરી નાંખી છે. કયા ઈરાદે કરાતો ધર્મ મોક્ષસાધક બની શકે, મોક્ષ પુરુષાર્થની જ એક માત્ર ઉપાદેયતા–આ વિગેરે વિષયોનું દેવાધિદેવના અંતિમ સંદેશના આધારે માર્મિક વિવેચન યુકત પૂજ્યપાદશ્રીજીના આ મનનીય પ્રવચન દ્વારા વાચકો મોક્ષસાધક ધર્મની આરાધના કરી પોતાના મુકિતના ધ્યેયને શીઘ્રપણે હાંસલ કરે એ જ અભિલાષા.

વિ. સં. ૨૦૪૦
આસો સુદ ૧૫
પાલીતાણા

જિનવાણી પ્રચારક ટ્રસ્ટ
મુંબઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કયા ઇરાદે થતો ધર્મ મોક્ષસાધક બની શકે ?

## જ્ઞાનમાં જે જોયું હોય ને જે જુએ. તેમ અનંતજ્ઞાની વર્તે :

અનન્ત ઉપકારી અને અનન્ત જ્ઞાનના સ્વામી એવા શ્રી જિનેશ્વરદેવો, પોતાના નિર્વાણકાળને પણ જાણતા જ હોય છે. ક્યારે નિર્વાણ થવાનું છે, કયા સંજોગોમાં નિર્વાણ થવાનું છે અને ક્યાં નિર્વાણ થવાનું છે, ઇત્યાદિ કાંઈ પણ તે તારકોની જાણબહાર હોતું નથી. એવા ઉપકારીઓ જ્યાં જ્યાં જે જે કાળે વિચરવાનું નિર્માયું હોય છે, ત્યાં ત્યાં તે તે કાળે વિચરે છે. એ તારકોના યોગે જે જે કાળે અને જે જે સ્થળે ઉપકાર થવો નિર્માયો હોય છે, તે તે કાળે અને તે તે સ્થળે એ તારકો વિચરે છે. આથી વર્ત-માન શાસનના નાયક, ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહા-વીર પરમાત્માએ રાજગૃહી નગરીમાં ચૌદ ચોમાસા કર્યાં છે.

કોઈ કહે છે કે 'એક રાજગૃહીમાં ભગવાને ચૌદ ચોમાસા કેમ કર્યાં ?' તો એવું કહેનારને આપણે એ જ કહેવું પડે કે–'એ પ્રશ્ન જ અસ્થાને છે. ભગવાન અનન્ત જ્ઞાનના ધણી છે. એ તો જ્ઞાનમાં જોયું હોય અને જુએ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ વર્તે.' એજ રીતે ભગવાન શ્રી મહાવીર પરમાત્મા છેલ્લે છેલ્લે 'અપાપાપુરી' નામની નગરીમાં પધાર્યા છે. તે વખતે તે નગરીનું નામ 'અપાપાપુરી' હતું, ભગવાનના નિર્વાણ બાદ તે નગરીનું નામ 'પાપાપુરી' થયું અને પાછળથી આજ સુધી તે નગરી 'પાવાપુરી'ના નામથી ઓળખાય છે.

સોળપ્રહરની દેશના :

ભગવાન શ્રી મહાવીર પરમાત્મા, અપાપાપુરી નામની નગરીમાં પધાર્યા બાદ, દેવતાઓએ ત્યાં ત્રણ કિલ્લાઓથી ભૂષિત રમ્ય સમવસરણ બનાવ્યું છે. પોતાના આયુષ્યના પર્યન્તને જાણીને ભગવાને તે સમવસરણમાં વિરાજી અન્તિમ દેશના દીધી છે. ભગવાનની દેશનાને સાંભળનારા વર્ગ પણ નાનોસૂનો હોતો નથી. ઇન્દ્રો, દેવતાઓ અને રાજા વગેરે મનુષ્યો પણ ભગવાનની દેશનાનું શ્રવણ કરવાને આવે છે. તિર્યંચો વગેરે પણ ભગવાનની દેશનાને સાંભળે છે. સામાન્ય રીતે ભગવાનની ધર્મદેશના રોજ બે પ્રહરની હોય છે, પરન્તુ ભગવાન શ્રી મહાવીરદેવની અન્તિમ દેશના સોળ પ્રહરની હતી, એવી અતિપ્રસિદ્ધ પ્રસિદ્ધિ છે.

ભગવાનની દેશના એટલે ઉંચામાં ઉંચું સંગીત :

ભગવાન શ્રી મહાવીરદેવે ૧૬ પ્રહર દેશના આપી તેમાં પણ કેટલાકને એવો પ્રશ્ન ઉઠવો એ સંભવિત છે કે– 'એટલો કાળ સાંભળનારાઓ કેમ રહી શકે ?' પણ ખરી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત તો એ છે કે–'ભગવાનની વાણીના અતિશયોને જે જાણતો હોય અને માનતો હોય, તેને આ જાતિનો પ્રશ્ન ઉઠે જ નહિ.' ભગવાન શ્રી જિનેશ્વરદેવોની જગત્તારક દેશના એટલે અનુપમ પ્રકારનું એક સુંદરમાં સુંદર સંગીત, એમ કહીએ તો પણ ચાલી શકે: કારણ કે–ભગવાનની દેશના માલકોશ રાગમાં ચાલુ હોય છે, ભગવાનનો સૂર અત્યન્ત મધુર હોય છે અને દેવતા તેમાં દુંદુભિનો સૂર પૂરે છે. આજે પણ સારા ગવૈયાઓ કલાકો સુધી સાંભળનારાઓને બેસાડી શકે છે, તો ભગવાનની દેશનાનું તો પૂછવું જ શું? દેશના સાંભળનારા સૌને એમ લાગે કે–'ભગવાન મને કહી રહ્યા છે.' સૌ પોતપોતાની ભાષામાં ભગવાનની વાણીને સમજી શકે. બધાના સંદેહ એક સાથે છેદાયા કરે. આવો વાણીનો અતિશય જેને વરેલો હોય, તેવા તારકની દેશનાને સાંભળનારાઓ સોળ પ્રહર બેસી રહે, એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે?

સંગીતમાં કાંઈ કમ તાકાત હોય છે? મલ્હાર રાગ જો ગાતાં આવડે, તો એનો ગવૈયો ભર ઉનાળામાં વરસાદ વરસાવી શકે છે. દીપક રાગ જો ગાતા આવડે, તો એનો ગવૈયો દીપકો પ્રગટાવી શકે છે. સંગીતમાં આવી આવી અનેકવિધ-તાકાતો હોઈ શકે છે. ભગવાનની દેશના રૂપ સંગીત તો ઉચ્ચમાં ઉચ્ચ કોટિનું છે. ભગવાનની વાણીના અતિશયોને જે જાણે નહિ અને માને નહિ, તેને મુંઝવણ થાય એ બનવાજોગ છે. પણ ભગવાનની વાણીના અતિશયોને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે જાણતો હોય અને માનતો હોય, તેને એવી મુંઝવણ થાય જ નહિ કે–'સોળ પ્રહર સુધી સાંભળનારાઓ કેમ રહી શકે?' એ સ્થળ એવું છે કે–ત્યાં ચંચળ જીવો પણ અચંચળ જેવા બની જાય છે. સ્વાભાવિક વૈરવૃત્તિ પણ એ સ્થળમાં ભૂલાઈ જાય છે. સમવસરણ જેવું સ્થળ અને ભગવાનની દેશના, આ બેનો યોગ કલાકો સુધી સાંભળારાઓને રોકી રાખે, એમાં નવાઈ પામવા જેવું છે જ નહિ. આમ છતાં પણ કોઈ કોઈ જીવો જતા-આવતા હોય, તો એનો નિષેધ પણ નથી.

**તે સન્માર્ગનો સેવક અને ઉન્માર્ગનો ઉચ્છેદક બની શકે:**

ભગવાન શ્રી મહાવીર પરમાત્મા, પોતાના પાદવિહારથી આ પૃથ્વીતલને પાવન કરતા, છેલ્લે છેલ્લે અપાપાપુરી નામની નગરીમાં પધાર્યા છે. ત્યાં દેવતાઓએ ત્રણ ગઢથી ભૂષિત એવું રમ્ય સમવસરણ બનાવ્યું છે. પોતાના આયુષ્યના પર્યન્તને જાણીને, ભગવાને એ સમવસરણમાં વિરાજીને અંતિમ દેશના દીધી છે. પ્રારંભમાં ઈન્દ્રે અને હસ્તિપાલ રાજાએ પ્રભુની પ્રાર્થના કરી છે. ઈન્દ્રે અને હસ્તિપાલ નામના નરેન્દ્રે પ્રભુની ગુણસ્તુતિગર્ભિત પ્રાર્થના કર્યા બાદ, પ્રભુએ અંતિમ દેશના દેવાની શરૂઆત કરી છે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માની તે અંતિમ દેશનાનો સાર, જેની શાસ્ત્રકાર મહાત્માઓએ સુંદર પ્રકારે નોંધ લીધી છે, તે ખાસ વિચારવા અને સમજવા જેવો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ધર્મદેશકની દેશનાનો મૂળભૂત ધ્વનિ શો હોવો જોઈએ, એ વસ્તુ પણ આમાંથી ફલિત થાય છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ આપેલી અંતિમ ધર્મદેશનાનો જે સાર શાસ્ત્રકાર પરમર્ષિઓએ સંગૃહીત કર્યો છે, તેના રહસ્યને ધર્મદેશકો જો યથાર્થપણે સમજી જાય, તો ધર્મદેશનાનો સર્વત્ર એકધારો સૂર નીકળ્યા વિના રહે નહિ. ધર્મદેશકો જો યથાસ્થિતપણે વિચારે, તો સમજી જાય કે-'ધર્મદેશનાનું ધ્યેય આ જ હોવું જોઈએ.' આનાથી વિપરીત પ્રકારનો ઉપદેશ જૈનમુનિનો હોય નહિ. સાચો જૈનમુનિ આનાથી વિપરીત વાતનું સમર્થન કરે નહિ અને આનાથી વિપરીત વાતનું જે સમર્થન કરે તે વસ્તુતઃ જૈનમુનિ નથી, પણ વેષધારી જ છે. આનાથી વિપરીત પ્રરૂપણા એ ઉત્સૂત્રપ્રરૂપણા છે. દરેક ધર્મ દેશક વસ્તુને જુદી જુદી રીતે સમજાવે અને ઘટાવે એ બને : દરેક ધર્મદેશક પોતપોતાના ક્ષયોપશમાદિ મુજબ વસ્તુનું નિરૂપણ કરે એ બને: દરેક ધર્મદેશક ધર્મના જુદા જુદા અંગો વિષે આજ્ઞા મુજબ જરૂર હોય તે અંગને પ્રધાન બનાવીને ઉપદેશ આપે એ બને: પણ ધર્મદેશનાનો પ્રધાન ધ્વનિ તો આ જ પ્રકારનો નીકળવો જોઈએ. આનાથી વિપરીત વસ્તુને પુષ્ટ કરનારી દેશના, એ વસ્તુતઃ ધર્મદેશના જ નથી. આ વસ્તુ જેના હૈયામાં જચી જાય, તે જ ઉન્માર્ગથી બચી શકે અને સન્માર્ગમાં ટકી તથા વધી શકે. આ વસ્તુ જેના હૈયામાં હોય, તે સન્માર્ગનો સેવક બની રહી શકે અને શક્તિ-સામગ્રી મુજબ ઉન્માર્ગનો ઉચ્છેદક પણ બની શકે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## લોક ફટાકડા ફોડવામાં રાજી, જૈન કર્મોને ફોડવામાં રાજી:

ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ આપેલી અંતિમ ધર્મદેશનાના સારનો શાસ્ત્રોમાં ઘણે સ્થળે સંગ્રહ કરવામાં આવ્યો છે. કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ, શ્રી 'ત્રિષષ્ટિશલાકા-પુરૂષચરિત્ર' નામના પોતે રચેલા મહાકાવ્યમાં પ્રસંગ પામીને, ભગવાન શ્રી મહાવીર પરમાત્માની એ અંતિમ ધર્મદેશનાના સારનો સંગ્રહ કરેલો છે. તે પરમ ઉપકારીએ એ દેશના-સારનો સંગ્રહ કર્યો છે તો માત્ર ચાર જ શ્લોકોમાં, પણ જાણે આપણને એકલું માખણ જ નહિ પણ તાવીને ઘી તારવીને આપ્યું છે, એમ કહીએ તો ચાલે. ભગવાને કેટલુંય અને કેવુંય ફરમાવ્યું હશે, પણ એનો સાર આ ચાર શ્લોકોમાં કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ભરી દીધો છે. તે પછી તો પુણ્યપાળ મંડલેશને આવેલા સ્વપ્નોના ભગવાને શ્રીમુખે કહેલા ફલાદેશનું અને તે પછીથી બીજું પણ વર્ણન છે. વાત તો એ છે કે–આ ચાર શ્લોકોમાં સુંદર સાર મૂકી દીધો છે. આટલું પણ જો તમને બધાને આ નિમિત્તે બરાબર યાદ રહી જાય અને તે તેમજ છે એમ બરાબર જચી જાય, તોય કામ થઈ જાય તેમ છે. આનો જો તમને વાસ્તવિક ખ્યાલ આવી જાય, તો તમે પણ સહેલાઇથી ઉન્માર્ગદેશ-કોની ઉન્માર્ગદેશના આદિથી બચી શકો. મુનિની ધર્મ-દેશનાનો સાર આ જ હોઈ શકે, એમ આમાંથી સમજી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકાય તેમ છે. આ વસ્તુને અવલંબીને જો ગીતાર્થ મુનિ વિવેચન કરવા માંડે, તો વિવેચન ખૂટે તેમ નથી અને વિચારણા કરવા માંડે, તો વિચારણા પણ ખૂટે તેમ નથી. આનો ખ્યાલ હોય, આ વસ્તુ હૃદયમાં ઓતપ્રોત થઈ ગઈ હોય, તો પરિણતિ બગડે નહિ પણ સુધરે.

આ ખ્યાલમાં રાખો તો આ દીપોત્સવી પર્વની આરાધના પણ તમે સુંદર રીતે કરી શકો. આજે દીપોત્સવી પર્વ કેમ ઉજવાય છે? દીપોત્સવી પર્વના દિવસો લોક સાથે ભલે હોય, પણ આપણી ઉજવણી લોકના જેવી નહિ હોવી જોઈએ. લોક ફટાકડા ફોડવામાં રાજી અને જૈન કર્મ ફોડવામાં રાજી. એકનું પુણ્ય બળે ને પાપ વધે, જ્યારે બીજાનું પાપ બળે, કર્મ નિર્જરા થાય અને બંધાય તો પણ શુભ કર્મ જ બંધાય. એ શુભ કર્મ એવું જ હોય છે, કે જે શુભ કર્મનો ઉદય પણ આત્મનિસ્તારની સાધનામાં સહાયક જ નિવડે.

### અન્તિમ દેશનાનું તારણ :

ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ, પોતાના આયુષ્યના પર્યંતને જાણીને જે અન્તિમ દેશના આપી હતી તેને જણાવતાં, કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, શ્રી ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત્ર નામના પોતે રચેલા મહાકાવ્યના દશમા પર્વના તેરમા સર્ગમાં ફરમાવે છે કે–

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'पुमर्था इह चत्वारः, कामार्थौ तत्र जन्मिनाम् ।
अर्थभूतौ नामधेया, – दनर्थौ परमार्थतः ॥ १ ॥

'अर्थस्तु मोक्ष एवैको, धर्मस्तस्य च कारणम् ।
संयमादिर्दशविधः, संसारांभोधितारणः ॥ २ ॥

'अनन्तदुःखः संसारो, मोक्षोऽनन्तसुखः पुनः ।
तयोस्त्यागपरिप्राप्ति–हेतुर्धर्मं विना नहि ॥ ३ ॥

'मार्गं श्रितो यथा दूरं, क्रमात् पंगुरपि व्रजेत् ।
धर्मस्थो घनकर्मापि, तथा मोक्षमवाप्नुयात् ॥ ४ ॥

આમાં સૌથી પહેલી વાત એ કહેવામાં આવી છે કે–'આ જગતમાં પુરૂષાર્થો ચાર છે.' પુરૂષોના અર્થને પુરૂષાર્થ કહેવાય છે. પણ એ પુરૂષાર્થ સાધે કોણ ? જગતમાં જન્મેલા જીવો. પુરૂષાર્થ એટલે શું ? પ્રયત્ન વડે જે સાધ્ય તે પુરૂષાર્થ. જગતના જીવો પ્રયત્ન દ્વારા જે સાધે તે પુરૂષાર્થ કહેવાય. જગતના જીવો પ્રયત્ન દ્વારા સાધે તેવા પુરૂષાર્થ કેટલા છે ? એ છે ચાર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ઉપરથી આજે ઘણાઓ કહે છે કે– 'ભગવાને માત્ર બે જ પુરૂષાર્થ કહ્યા નથી. ભગવાને કાંઈ ધર્મ અને મોક્ષ એમ બે જ પુરૂષાર્થ બતાવ્યા નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એમ ચાર પુરૂષાર્થો છે, એમ ભગવાને જ કહ્યું છે ' આ જાતની વાતો કરનારાઓ, એ વિચાર કરતા નથી કે–' ભગવાને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરૂષાર્થો છે–એવું કહ્યું કેમ ? '

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજવું જોઈએ કે-'જગતમાં ચાર પ્રકારના પુરૂષાર્થ છે, માટે ભગવાને ચાર પુરૂષાર્થ છે એમ કહ્યું છે.' ભગવાન વસ્તુ સ્વરૂપ વર્ણવે, ત્યારે જે જેમ હોય તે તેમ કહેઃ પણ બરાબર વિચારશો તો સમજાશે કે-પ્રતિપાદનમાં અહીં હેયોપાદેયાદિનો ઘણો જ સ્પષ્ટ વિવેક કરવામાં આવ્યો છે.

**વર્ણન બધાનું...સ્વીકાર ઉપાદેયનો :**

અહીં જે વિવેક કરવામાં આવ્યો છે, તે કલ્યાણના અર્થી દરેકે બરાબર સમજી ખ્યાલમાં રાખી લેવા જેવો છે. 'ભગવાને જેમ ધર્મ-મોક્ષને પુરૂષાર્થ કહ્યા છે, તેમ અર્થ-કામને પણ પુરૂષાર્થ તરીકે જણાવ્યા જ છે: આ ચારમાંથી જેને જે ગમે તે સાધેઃ કારણ કે-ભગવાન તો કહે છે કે-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરૂષાર્થો છે. ભગવાને ચાર પુરૂષાર્થો બતાવ્યા, માટે જેને ફાવે તેમ કરે, એમાં વાંધો શો? આવી રીતે કોઈ કહે, તો તેથી જરાય મુંઝાવું નહિ. એવાને કહી દેવું કે-'ભાઈ! ભગવાને શાનું વર્ણન નથી કર્યું? ભગવાને માત્ર સારાનું જ વર્ણન કર્યું છે અને ખોટાનું વર્ણન કર્યું જ નથી-એમ છે જ નહિ: ભગવાને તો સારી ને ખોટી, હિતકર ને અહિતકર, હેય ને ઉપાદેય એમ સઘળી જ વસ્તુઓનું જેવું જેવું સ્વરૂપ છે, તેવું તેવું સ્વરૂપ દર્શાવ્યું છે. ભગવાને જેમ સમ્યક્ત્વ આદિનું વર્ણન સુવિસ્તારથી કર્યું છે, તેમ મિથ્યાત્વ આદિનું વર્ણન પણ સુવિસ્તારથી કર્યું છે. ભગવાને જેમ અહિંસાનું તેમ હિંસાનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ વર્ણન કર્યું છે. ભગવાને જેમ સત્યનું તેમ અસત્યનું પણ વર્ણન કર્યું છે. એ જ રીતે ચોરી, અબ્રહ્મ વગેરેનું પણ ભગવાને વર્ણન કર્યું છે. ભગવાને માત્ર ધર્મ–મોક્ષનું જ વર્ણન કર્યું છે એમ નથી, પણ અધર્મ અને સંસારનું પણ આબેહુબ વર્ણન કર્યું છે. જગતના જીવોને અધર્મથી બચાવી ધર્મમાં જોડવાને માટે અને સંસારથી તારી મોક્ષમાં પહોંચાડવાને માટે ભગવાને બધું વર્ણવ્યું છે.

આથી સ્પષ્ટ છે કે-ભગવાને જેટલું જેટલું વર્ણવ્યું છે, તેટલું બધું જ કરવા યોગ્ય છે એમ નથી. ભગવાને જેને હેય કહ્યું તે તજવા યોગ્ય કહેવાય, ભગવાને જેને જ્ઞેય કહ્યું તે જાણવા યોગ્ય કહેવાય અને ભગવાને જેને ઉપાદેય કહ્યું તે આદરવા યોગ્ય કહેવાય. એમ પણ સાપેક્ષ રીતે કહી શકાય કે-'હેય અને ઉપાદેય એ ઉભય જ્ઞેય ગણાય.' ભગવાને કહ્યું તે જ કરવાનું, એનો અર્થ એજ છે કે–હેયનો ત્યાગ અને ઉપાદેયનો સ્વીકાર કરવાનો! ભગવાને સંયમ અને અસંયમ–એ ઉભયનું વર્ણન તો કર્યું જ છે, પણ એથી– 'ભગવાને સંયમને ય આરાધ્ય કહ્યું છે અને અસંયમને પણ આરાધ્ય કહ્યું છે.'–એમ કહેવાય?

**સભા :** નહિ જ.

કેમ? ભગવાને તો સંયમ અને અસંયમ-ઉભયના સ્વરૂપનું વર્ણન કર્યું છે, તો તે બેય આરાધ્ય એમ કેમ નહિ?

**સભા :** સંયમને આરાધ્ય અને અસંયમને ત્યાજ્ય, એમ ફરમાવેલ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવું આ ચાર પુરૂષાર્થોને અંગે પણ સમજવાનું છે. અર્થ-કામ હેય અને મોક્ષ તથા તેનું સાધન ધર્મ ઉપાદેય, એમ ખુદ ભગવાને જ કહેલું છે. આ વસ્તુને નહિ સમજનારાઓ જ અગર તો દંભી આત્માઓ જ,–'ચારેય પુરૂષાર્થો ભગવાને કહ્યા છે માટે તે ચારેય સાધવા યોગ્ય છે.'–એમ કહેવાને તૈયાર થઈ શકે.

## સંસારના કોઈ પણ હેતુથી ધર્મ કરવાનો નિષેધ અને મોક્ષના હેતુથી ધર્મ કરવાનું વિધાન :

ભગવાન ફરમાવે છે કે આ દુનિયામાં પુરૂષાર્થો ચાર છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ચાર પુરૂષાર્થોના નામો બોલવાની લોકમાં પણ સામાન્ય રીતે આ રૂઢિ છે. ધર્મનો એટલો મહિમા છે કે–બીજાઓના મુખમાં પણ અર્થ અને કામ પહેલાં ધર્મ શબ્દ પેસી ગયો છે. ધર્મની આરાધના કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ થાય નહિ એ તો છે જ, પણ જ્ઞાનીઓ તો ત્યાં સુધી ફરમાવે છે કે–ધર્મ વિના અર્થ-કામની પણ પ્રાપ્તિ થતી નથી. દુનિયામાં જેને સુખ કહેવાય તે પણ ધર્મ વિના સાધ્ય જ નથી. દુનિયાના ક્ષુદ્ર સુખ માટે પણ ધર્મની આવશ્યકતા રહે છે જ. જ્યાં ધર્મ જ નહિ, ત્યાં દુનિયાનું પણ ક્ષુદ્ર સુખેય નહિ! ધર્મ-ધર્મની અપેક્ષામાં ફેર છે એ વાત જુદી, પણ જ્ઞાનીઓ કહે છે કે–ધર્મ વિના અર્થકામની પ્રાપ્તિ પણ થતી નથી. દુનિયામાં જેટલું જેટલું સુંદર દેખાય છે, તે ધર્મનો પ્રતાપ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદર રૂપ, સુંદર સંપદા ઇત્યાદિની પ્રાપ્તિ પણ ધર્મ વિના થતી નથી. જ્ઞાનીઓના આ જાતિના કથનના ભાવને જે ન સમજે, તે સીધો ઉન્માર્ગદેશક બને. જ્ઞાનીઓ આમાં વસ્તુસ્વરૂપને જ વર્ણવે છે. અર્થ-કામ પણ ધર્મ વિના પ્રાપ્ય નથી, માટે તે સ્વરૂપ જ્ઞાનીઓએ દર્શાવ્યું છે. આ દુનિયામાં પુરૂષાર્થ ચાર છે, એમ કહ્યું કે નહિ ? કહ્યું જ છે. એ જ રીતે વસ્તુસ્વરૂપ દર્શાવતાં જ્ઞાનીઓએ ફરમાવ્યું કે-'ધર્મ વિના અર્થ-કામની-પ્રાપ્તિ પણ થતી નથી.' આનો અર્થ એ નથી જ કે-'જ્ઞાનીઓ અર્થકામને માટે પણ ધર્મ કરવો જોઈએ, એવો ઉપદેશ આપે છે' સાંસારિક સુખો માટે ધર્મ કરવો જોઈએ, એમ જ્ઞાનીઓ કહેતા જ નથી. શાસ્ત્રકારો એમ જરૂર કહે છે કે-'દુનિયાદારીના સુખની સિદ્ધિ પણ ધર્મ દ્વારાએ જ છે.' પણ યાદ રાખો કે-શાસ્ત્રકારો એમ નથી જ કહેતા કે-'દુનિયાદારીના સુખને માટે ધર્મ કરવો જોઈએ !' દુનિયાદારીના સુખની સિદ્ધિ પણ ધર્મ દ્વારાએ જ છે-એમ કહેવામાં વસ્તુસ્વરૂપનું વર્ણન માત્ર છે : પણ તે માટે ધર્મ કરવો જોઈએ એવું વિધાન એમાં નથી. દુનિયાદારીના સુખ માટે ધર્મ કરવાની વાતનો જ્ઞાનીઓ સ્પષ્ટ નિષેધ કરે છે અને મોક્ષના ઈરાદે અથવા તો કહો કે-નિરાશંસભાવે ધર્મ કરવાનું જ જ્ઞાનીઓ વિધાન કરે છે.

**અર્થકામ ધર્મથી પણ અર્થકામ માટે ધર્મ એમ નહિ જ :**

આવી રીતે શાસ્ત્રે ફરમાવેલી વસ્તુના રહસ્યને તારવવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોગી તાકાત અને વિવેક જેનામાં ન હોય, તેવા મુનિને ઉન્માર્ગદેશક બનતા વાર ન લાગે. એ તો સીધો જ પ્રશ્ન કરે કે–'અર્થકામ માટે પણ ધર્મ જ જરૂરી છે, ધર્મ વિના અર્થકામની પણ પ્રાપ્તિ નથી-એમ જ્યારે જ્ઞાનીઓ કહે છે, તો પછી અમારાથી–'અર્થકામ માટે પણ ધર્મ કરવો જોઈએ'–એવો ઉપદેશ કેમ ન અપાય ?' આવો પણ પ્રશ્ન ઉભો કરીને ભદ્રિક જનસમૂહને અર્થ–કામ માટે ધર્મ કરવાનો ઉપદેશ દેનારા ઉન્માર્ગદેશક આજે નથી એમ નહિ. 'અર્થકામ અનર્થભૂત છે. ધર્મ અર્થકામ માટે ન થાય. ધર્મ એ મોક્ષનું સાધન છે. સાચું સાધ્ય એક માત્ર મોક્ષ છે. મોક્ષના સાધનને જ મોક્ષ દૂર રાખવામાં ન વાપરો સંસાર કાપનાર ધર્મને સંસાર વધારનાર ન બનાવો.'–આ વગેરે ખાસ વિચારવા જેવી વાતોને એ વિચારે જ નહિ.

અર્થકામ ધર્મથી જ સાધ્ય છે એની ના નથી. અર્થકામ પણ ધર્મ વિના મળે જ નહિ એ ચોક્કસ છે. અર્થકામની પ્રાપ્તિનું પણ કારણ ધર્મ જ છે. આવું આવું વર્ણન પણ શાસ્ત્રોમાં જરૂર આવે છે અને આ પ્રકારના વર્ણનને તેના સ્વરૂપે સ્વીકારે ત્યાં સુધી વાંધો નહિ, પરંતુ તેના સ્વરૂપે તે ન સ્વીકારે અને ઉંધી રીતે સમજે તો સહેજે ઉન્માર્ગદેશક બને. 'અર્થકામ માટે પણ ધર્મ જરૂરી છે' –એમ જ્ઞાનીઓ જરૂર કહે : પણ–'અર્થકામ માટે ધર્મ કરવો તેય સારૂં છે.'– એમ જ્ઞાનીઓ કહે જ નહિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થકામથી મૂકાવનાર સાધનને જ જો અર્થકામ માટે સેવાય, તો પછી બાકી શું રહે ?

**ભણી-ગણીને પોપટ ન બનો, અંદરના રહસ્યને તારવો :**

આટલું સ્પષ્ટ છતાં, શાસ્ત્રના રહસ્યને નહિ પારખી શકનારાઓ, શાસ્ત્રકારોના નામે પણ ઉંધી વાતો કરે, તો તેમાં નવાઇ પામવા જેવું નથી. ભણી-ગણીને પોપટ બની જવું એ જુદી વાત છે અને અંદર રહેલા રહસ્યને તારવવાની તાકાત આવવી એ જુદી વાત છે. 'અર્થકામની પ્રાપ્તિ પણ ધર્મ વિના નથી' -એમ શાસ્ત્રકારો કહે, એથી એમ ન જ કહેવાય કે-' શાસ્ત્રકારો એમ જ સમજે છે કે દુનિયાના જીવોને જે સુખો મળે છે, તે પુણ્યથી જ મળે છે પરંતુ તે અધર્મ કરીને પાપ બાંધતા રહે, તેના કરતાં ઇષ્ટ વિષયોની પ્રાપ્તિને અંગે પણ ધર્મક્રિયામાં જોડાય તે વધારે ઇષ્ટ છે.' અથવા એમ પણ ન જ કહેવાય કે- 'દુનિયાના જીવો અધર્મ કરતા રહે અને પાપ બાંધે તેના કરતાં વિષયસુખોની પ્રાપ્તિને માટે પણ તેઓ ધર્મ કરીને પુણ્ય બાંધે એવી શાસ્ત્રકારોની ચાહના છે.' શાસ્ત્રકારોની આવી ચાહના હોય જ નહિ. જેને વાસ્તવિક પરિણામનું ભાન નથી, તે જ આવું લખી કે બોલી શકે. જે વસ્તુસ્વરૂપને અને અર્થકામની સાધનાના જ હેતુથી કરેલા ધર્મના પારંપરિક પરિણામને યથાસ્થિત રીતે સમજે છે, તે તો આવું લખેય નહિ અને બોલેય નહિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ એક પ્રકારનો ઉન્માર્ગનો ઉપદેશ છે.

શાસ્ત્રકાર પરમર્ષિઓની એવી ચાહના નથી જ કે–'વિષયસુખોની પ્રાપ્તિને માટે તમે ધર્મ કરીને પુણ્ય બાંધો.' દુનિયાના જીવો પાપ કરે એ પણ શાસ્ત્રકાર પરમર્ષિઓને ઇષ્ટ નથી અને દુનિયાના જીવો દુનિયાના ઇષ્ટ વિષયોની જ લાલસાને આધીન થયા થકા, પોતાની તે જ લાલસા પોષવા ધર્મનાં અનુષ્ઠાનોનો આશ્રય સ્વીકારે, એ પણ શાસ્ત્રકાર પરમર્ષિઓને ઇષ્ટ નથી જ. પાપ કરો એય ઇષ્ટ નહિ અને વિષયસુખોને માટે જ ધર્મ કરો એય ઇષ્ટ નહિ. શાસ્ત્રકાર પરમર્ષિઓએ જણાવેલી ધર્મના ફલની વસ્તુસ્થિતિને સમજનાર તથા હૃદય પૂર્વક માનનાર, એમ ન જ કહે અગર લખે કે–'શાસ્ત્રકારોને તમે અધર્મ કરી પાપ બાંધો તે કરતાં વિષયસુખો માટે ય ધર્મ કરો એ વધારે ઇષ્ટ છે.' એમ બોલનાર કે લખનાર જાણ્યે-અજાણ્યે એમ કબૂલ કરી લે છે કે–'તમે અધર્મ કરીને પાપ બાંધો તે શાસ્ત્રકારોને થોડું પણ ઇષ્ટ તો છે જ!' જેઓ આવું કબૂલ કરવાને તૈયાર ન હોય, તેઓથી–'તમે અધર્મ કરીને પાપ બાંધો તે કરતા વિષયસુખો માટે ધર્મ કરી પુણ્ય બાંધો–એ શાસ્ત્રકારોને વધારે ઇષ્ટ છે.' –એમ લખાય કે બોલાય નહિ.

શાસ્ત્રકાર પરમર્ષિઓને ઇષ્ટ શું ? દુનિયાના જીવો ધર્મને આદરી મોક્ષને પામે તે જ! ધર્મ મોક્ષ માટે છે, સંસાર માટે નથી. મોક્ષ માટે નિરાશંસભાવે કરાએલા ધર્મના યોગે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોક્ષ થતાં પૂર્વે ઉત્તમ પ્રકારની દુન્યવી સામગ્રી મળી જાય એ વાત જુદી છે : પણ–'વિષયસુખોની લાલસાને જ આધીન થઈને તમે એ ખાતરે ય ધર્મ કરો એ શાસ્ત્રકારોને ઇષ્ટ છે.'–એવું પ્રતિપાદન કરવું, એ તો એક પ્રકારનો ઉન્માર્ગનો જ ઉપદેશ છે. આ જ કારણે એવું પ્રતિપાદન કરનારાઓને માટે એમ કહી શકાય કે– 'શાસ્ત્રકાર પરમર્ષિઓને શું ઈષ્ટ છે, શું થોડું ઈષ્ટ છે અને શું વધારે ઇષ્ટ છે, તેની એવાઓને વાસ્તવિક પ્રકારની કશી ગમ જ નથી.'

### વિષયસુખને માટે ધર્મને સાધન ન બનાવો :

વિચાર તો કરી જુઓ કે–'વિષયસુખોને માટે ધર્મ કરનાર વસ્તુતઃ કોની આરાધના કરે છે?' વિષયસુખની લાલસા એ પાપ છે અને વિષયસુખની લાલસાને જ આધીન બની જઈને ધર્મને વિષયસુખનું સાધન બનાવી દેવો એ ઘોર પાપ છે. વિષયસુખની લાલસાથી સેવાએલા ધર્મના યોગે દેવલોક મળી પણ જાય, તો ય એની કિંમત ન આંકો. વિષયસુખની લાલસાએ કરાએલા ધર્મથી પુણ્યાનુબંધીપુણ્ય તો બંધાતું જ નથી. વિષયસુખના જ હેતુથી કરાતા ધર્મના યોગે બંધાતું પુણ્ય પાપાનુબંધી જ હોય છે. હવે પાપાનુબંધીપુણ્ય એટલે શું? પાપાનુબંધીપુણ્ય એ પણ એક પ્રકારનું પુણ્ય તો છે જ : પરંતુ તેનાથી નિપજતા પરિણામની અપેક્ષાએ તે બહુ ભયંકર ગણાય છે. એવા પુણ્યથી જે મળે તે પેલાની માફક ભોગવાય નહિ અને ભોગવટા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરમ્યાન એવી આત્મપરિણતિ રહે કે–પ્રાયઃ ઘણાં અશુભ કર્મો બંધાયા કરે.

## મોક્ષ માટે જ નિરાશંસભાવે ધર્મ કરવાની આજ્ઞા :

પાપાનુબંધી પુણ્યના યોગે દેવલોક પણ મળી જાય એની ના નથી: પરંતુ એક દેવલોક પાછળ રહેલા પરિણામને તો જુઓ! વિષમિશ્રિત દૂધ હોય, પણ એમાં સાકર તથા બદામ વગેરે મસાલો નાખેલ હોય, ત્યારે પીતાં મીઠું લાગે કે નહિ? ઝેરવાળા પણ લાડવા ખાતાં મીઠા લાગે કે નહિ? લાગે. પણ એ મીઠાશની કિંમત શી? એ મીઠાશ તો માર-નારી છે. ઘડીભર મુખ મીઠું થાય, પેટ ધરાએલું લાગે, જરા ઠીક લાગે, પણ જ્યાં ઝેરની અસર શરીરમાં વ્યાપે એટલે કમોતે મરે કે બીજું કાંઈ થાય? મરતાં પહેલાં વેદના કેટલી? એ કારમી વેદના જે અનુભવે તે તે જાણે અગર જ્ઞાની જાણે. એ જ રીતે દેવલોકની પ્રાપ્તિ, એ પેલી મીઠાશ જેવી છે. એ મીઠાશની કિંમત આંકો તો એ દેવ-લોકની કિંમત આંકો. પાપાનુબંધી પુણ્ય જેમ ભોગવાય, તેમ પેલો પાપના ભારથી પ્રાયઃ લદાતો જ જાય.

કેસર, બદામ, સાકર અને ઇલાયચી આદિ મસાલા-વાળા વિષમિશ્રિત દૂધની મીઠાશને જ જોનારો, પણ તે વિષમિશ્રિત છે એમ જાણવા છતાં માત્ર તેની મીઠાશને જ જોઈ તે પીવાથી નિપજતા પરિણામને નહિ જોનારો, જેમ ક્ષુદ્રદષ્ટિવાળો અજ્ઞાન કહેવાય, તેમ દુન્યવી વિષયસુખો માટે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ ધર્મ કરનારો, પાપાનુબંધી પુણ્યના યોગે મળતા દેવલોકને જોનારો, પણ પાછળના પરિણામને નહિ જોનારો, ક્ષુદ્ર દૃષ્ટિવાળો અજ્ઞાન જ કહેવાય. શાસ્ત્રકારો એવા અજ્ઞાન નથી. શાસ્ત્રકાર પરમર્ષિઓ તો પરિણામને પણ જોનારા છે. શાસ્ત્રકાર પરમર્ષિઓએ, વિષયસુખોને માટે કરાતા ધર્મથી મળતા દેવલોકાદિની જેમ તે પછી થતી દુર્દશાની વાત પણ સ્પષ્ટ જણાવી છે. એટલું જ નહિ, પણ આ લોકનાં કે પરલોકનાં વિષયસુખોને માટે ધર્મ નહિ કરતાં મોક્ષ માટે જ નિરાશંસભાવે ધર્મ કરવાની આજ્ઞા ફરમાવી છે. વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન અને અનનુષ્ઠાન ત્યાજ્ય છે, એમ શાસ્ત્રકાર પરમર્ષિઓ સ્પષ્ટ જણાવે છે. આટલું સ્પષ્ટ છતાં-'વિષયસુખો માટે ધર્મ કરો તે શાસ્ત્રકારોને ઇષ્ટ છે'-એમ કહેવાય કે લખાય, તો તે શાસ્ત્રકાર પરમર્ષિઓનું પણ અપમાન કરવા જેવું જ છે.

## પૌદ્ગલિક સુખોની ઇચ્છાથી કરાતાં અનુષ્ઠાનોનો જૈનશાસનમાં સાફ ઈન્કાર:

અર્થકામ પણ ધર્મ વિના મળતા નથી, એ માત્ર સ્વરૂપ-વર્ણન છે. એનો અર્થ એ નથી કે-'દુનિયાના જીવો અર્થકામને માટે ધર્મ કરે, એમ શાસ્ત્રકાર પરમર્ષિઓ ઇચ્છે છે.' અર્થકામની વૃત્તિ એ જ ભયંકર વસ્તુ છે. ધર્મના યોગે એ વૃત્તિને કાપવાની હોય. શાસ્ત્રકાર પરમર્ષિઓને શું ઇષ્ટ હતું અને શું ઇષ્ટ નહિ હતું, એ વિવેકપૂર્વક વિચારતાં શીખો. દુનિયાનાં વિષયસુખોને માટે ધર્મ કરવો જોઈએ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ જ્ઞાનીઓ કહે જ નહિ. એ વાત ચોક્કસ છે કે–'દુનિયામાં સુંદરમાં સુંદર પ્રકારની વિષયસામગ્રી ધર્મીને જ મળે છે. દુનિયામાં પણ જેટલી ઉત્તમોત્તમ વિષયસામગ્રી છે, તે ધર્મથી જ મળે છે.' આવું આવું જ્ઞાનીઓ જરૂર વર્ણવે છે, પણ આ વર્ણનના રહસ્યને સમજવાને માટે આત્મામાં વિવેક જોઈએ. એ વિવેક જેનામાં ન હોય તેને ભૂલતાં વાર ન લાગે.

આ તો શ્રી વીતરાગપરમાત્માનું શાસન છે. શ્રી સર્વજ્ઞનું શાસન એટલે અનેક અપેક્ષાઓથી ગર્ભિત શાસન. સારી કે ખોટી, હિતકર કે હાનિકર, સંસારવર્ધક કે મોક્ષપ્રાપક બધી જ વસ્તુઓનું વર્ણન આવે. એ બધી વસ્તુઓની, જ્ઞાનીઓએ વર્ણવ્યા મુજબ તે તે હેય, જ્ઞેય અને ઉપાદેય વિભાગમાં વહેંચણી કરતાં ન આવડે, તો શું થાય? તારક સ્વભાવવાળી પણ દ્વાદશાંગી મિથ્યાદૃષ્ટિને ડૂબાવનારી નિવડે, તેમાં કોનો દોષ? તારક કહે તેમ વહેંચણી ન કરે તારક પણ શી રીતે તારે? જ્ઞાનીઓને કહેવું પડ્યું કે–'એવા પણ આત્માઓ હશે, કે જે આ તારક દ્વાદશાંગીના યોગને પામીને પણ ડૂબશે' તેવા મિથ્યાદૃષ્ટિઓને દ્વાદશાંગી મિથ્યા રૂપે પરિણમશે. મિથ્યા રૂપે કેમ પરિણમે? લેતાં અને વહેંચતાં ન આવડે માટે! જે ભાવ ખેંચવા જોઈએ તે ન ખેંચે અને ઉંધા ભાવ ખેંચે એથી! આ વસ્તુ સ્વપરના હિતને ઇચ્છનારાઓએ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુવિવેક હોય તો–' વિષયસુખો માટે તમે ધર્મ કરો એ શાસ્ત્રકારોને ઇષ્ટ છે.'–એમ કહેવાય જ નહિ. ધર્મથી એકલો મોક્ષ જ મળે છે એમ નથી. અર્થકામ પણ ધર્મ વિના મળે તેમ નથી. અર્થ, કામ અને મોક્ષ મેળવી આપવાની તાકાત ધર્મમાં છે. અર્થકામની જે કાંઈ સારી સામગ્રી મળી છે, મળે છે અગર મળશે તે ધર્મથી જ! વિષયસુખોની સામગ્રી પણ ધર્મ વિના મળતી જ નથી, એ નિશ્ચિત વાત છે. ઉત્તમ કોટિના અર્થકામ પણ સુધર્મથી જ મળે છે. આ વાતમાં વાંધો નથી: પણ સવાલ એ છે કે–' અર્થકામના ઈરાદે ધર્મ કરવો તે સારૂં કે નહિ? અને શાસ્ત્રકાર પરમર્ષિઓને તે વધારે ઇષ્ટ છે કે બિલકુલ ઇષ્ટ નથી?' શાસ્ત્રકાર પરમર્ષિઓ તો ધર્મને મોક્ષના હેતુથી નિરાશંસભાવે જ કરવાનું ફરમાવે છે અને આ લોકના તથા પરલોકના પૌદ્ગલિક સુખોની ઈચ્છાથી કરાતા અનુષ્ઠાનોને વિષ-ગરાદિની ઉપમા આપીને, તે ત્યાજ્ય છે એમ સાફ ફરમાવે છે.

શાસ્ત્રકાર પરમર્ષિઓ પરિણામદર્શી હોવાથી, પાપાનુબંધી પુણ્યબંધના પ્રબળ કારણને ઉત્તેજન મળે, તેવું ઉપદેશે જ નહિ. આથી સ્પષ્ટ થઈ જાય છે કે–' જગતના જીવો મુક્તિના હેતુથી શ્રી જિનાજ્ઞા મુજબ ધર્મની આરાધના કરે, એજ કોઈપણ શાસ્ત્રકાર પરમર્ષિઓને ઇષ્ટ છે.' મુક્તિને બાધક થાય તેવું કાંઈ જ કોઈપણ શાસ્ત્રકાર પરમર્ષિઓને ઇષ્ટ હોય નહિ, ત્યાં પરિણામે પાપ વધે એવી ક્રિયા તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રકાર પરમર્ષિઓને શાની જ ઇષ્ટ હોય ? વળી અર્થ-કામના ઇરાદે ધર્મ કરવો તે અનર્થનું કારણ છે, એમ પણ શાસ્ત્રકાર પરમર્ષિઓએ, વિષાદિ અનુષ્ઠાનોને વિચિત્ર અનર્થોને દેનાર તરીકે વર્ણવી જણાવી દીધું છે: એટલે અર્થ-કામના ઇરાદે ધર્મ કરવો તે સારૂં છે, એમ પણ કહેવાય જ નહિ.

### અર્થકામ નામથી અર્થભૂત, પણ પરમાર્થ દૃષ્ટિએ અનર્થભૂત :

મૂળ વાત તો એ હતી કે–' ભગવાન કહે છે કે પુરૂષાર્થ ચાર છે, તો પછી જેને જે પુરૂષાર્થ ફાવે તે પુરૂષાર્થને સેવે એમાં વાંધો શો ?' એને અંગે આપણે વિચારી ગયા કે–' ચાર પુરૂષાર્થ છે એમ જે કહ્યું છે, તે તો વસ્તુસ્વરૂપનું વર્ણન માત્ર છે. પુરૂષાર્થો ચાર છે માટે ચાર કહ્યા. એથી ચારેય પુરૂષાર્થ સાધવા જેવા જ છે અને ચારેય પુરૂષાર્થોને સાધવાની ભગવાનની આજ્ઞા છે, એમ નથી જ !' અહીં એનું સ્પષ્ટીકરણ કર્યું છે. પહેલા એમ કહ્યું કે–

' पुमर्था इह चत्वारः ।'

અને પછી તરત જ કહ્યું કે–

' कामार्थौ तत्र जन्मिनाम् ।
अर्थभूतौ नामधेया–दनर्थौ परमार्थतः ।।

ચાર પુરૂષાર્થો છે, તેમાં અર્થ અને કામ એ બે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષાર્થો તો નામ માત્રથી જ પુરૂષાર્થો છે. અર્થ અને કામ નામથી અર્થભૂત છે, પણ પરિણામે અથવા તો કહો કે-પરમાર્થ દૃષ્ટિએ જીવો માટે તે અનર્થભૂત છે. અર્થ અને કામ નામથી પુરૂષાર્થ છે, પણ પરમાર્થથી તો પુરૂષાનર્થ છે. નામ રતનપાળ, પણ હોય ઠંઠણપાળ, એમ બને ને? એવું જ આમાં છે. અર્થકામ પરમાર્થથી અર્થભૂત તો નથી જ, પણ અનર્થભૂત છે. અર્થકામની અનર્થકારકતા જેવી-તેવી નથી, પણ મહા કારમી છે. અર્થકામ ન હોત તો સંસાર ન હોત. આપણે અર્થકામમાં આસક્ત ન બન્યા હોત, તો આજ સુધી સંસારમાં રઝળતા હોત? નહિ જ! અર્થકામની આસક્તિ સંસારમાં રૂલાવનારી છે. અર્થકામ જેને પરમાર્થથી અનર્થભૂત લાગે, તે ધર્મને સારી રીતે સેવી શકે. અર્થકામ જ જેને અર્થભૂત લાગે, તે વસ્તુતઃ ધર્મને સેવી શકે નહિ. આથી ભગવાને પહેલાં જ કહ્યું કે- 'પુરૂષાર્થ ચાર છે, પણ તેમાં જે અર્થ અને કામ છે, તે નામના જ અર્થભૂત છે, બાકી પરમાર્થથી તો અનર્થભૂત જ છે.'

અર્થકામ જેને પરમાર્થથી અનર્થભૂત ન લાગે પણ અર્થભૂત જ લાગે, તે મોક્ષસાધક ધર્મની વાસ્તવિક આરાધના કરવાને માટે વસ્તુતઃ નાલાયક જ છે. અર્થ અને કામને માટે જ ધર્મ કરનારનો ધર્મ મુક્તિ પમાડનાર તો નથી, પણ ઉદાત્તકોટિના અર્થકામને પમાડનાર પણ નથી. એવો ધર્મ તો અયોગ્ય અર્થકામ આપે તો ય તે પરિણામે ડૂબાડનાર છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થકામને માટે જ ધર્મને સેવનારો, વસ્તુતઃ, ધર્મનું ભયંકર અપમાન કરે છે. અર્થકામને જ્ઞાનીઓ પરમાર્થ-દૃષ્ટિએ અનર્થભૂત કહે છે–તે જેના હૈયામાં જચે નહિ અને-'અર્થકામ પણ પુરૂષાર્થો છે, જ્ઞાનીએ કહેલા છે, ધર્મથી એ મળે છે.'–એટલું જ યાદ રહી જાય તો નુકશાન થાય : આથી જ્ઞાનીઓ એ વાત ઉપર કાપ મૂકે છે. અર્થ–કામ પુરૂષાર્થ ખરા, પણ નામના : પરમાર્થથી તો તે અનર્થભૂત જ. અર્થકામને જ જે અર્થભૂત માને અને પરમાર્થથી તે બેયને અનર્થભૂત ન માને, તે ધર્મની વાસ્તવિક આરાધના કરી શકે નહિ. એવાનો ધર્મ પણ સામાન્ય રીતે કલંકિત થઈને બહાર આવે છે. ધર્મ કર્યો એટલે એ દેવલોક વગેરે આપી તો દે, પણ એ પછી શું ? મળેલું ભોગવે ને પાપનો અનુબંધ પડે જ્ઞાનીઓ પાછળ રહેલા પાપના અનુબંધને જૂએ છે, માટે ફરમાવે છે કે– 'અર્થ-કામ નામના પુરૂષાર્થો માત્ર નામથી જ અર્થભૂત છે, પરંતુ પરમાર્થદૃષ્ટિએ તો અનર્થભૂત જ છે.'

## લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વ ત્યાજ્ય છે :

સભા : સમ્યગ્દૃષ્ટિ પૌદ્ગલિક લાલસાથી ધર્મ કરે જ નહિ ?

સમ્યગ્દૃષ્ટિ આત્મા કયારેય પણ પૌદ્ગલિક લાલસાથી ધર્માનુષ્ઠાન ન જ આચરે, એમ તો કહી શકાય નહિ. બનવા જોગ છે કે–એને ધર્મ કરતાંય તેવી લાલસા આવી પણ જાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સભા :** અર્થકામ અનર્થભૂત છે એમ તો એ માને જ ને?

જરૂર. અર્થકામને જે પરમાર્થદૃષ્ટિએ અનર્થભૂત ન માનતો હોય, તેનામાં તો સમ્યગ્દર્શન હોય જ નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્મા અર્થકામને અનર્થભૂત તો અવશ્ય માને અને એથી જ તેને ધર્મમાં પૌદ્‌ગલિક લાલસા આવી જાય તો ખટકે. એ એ પણ જાણે છે કે–ધર્મ મોક્ષને માટે જ છે.

**સભા :** સમ્યગ્દૃષ્ટિ આત્મા કોઈ ધર્મક્રિયા પૌદ્‌ગલિક લાલસાના યોગે કરે, તો તેનું સમ્યક્ત્વ ચાલ્યું જ જાય?

સમ્યગ્દૃષ્ટિ આત્મા કોઈ ધર્મક્રિયા પૌદ્‌ગલિક લાલસાના યોગે કરે, એટલા માત્રથી જ એનું સમ્યક્ત્વ નિયમા ચાલ્યું જ જાય, એમ માની અગર તો કહી શકાય નહિ : પણ એ વસ્તુ સમ્યક્ત્વને મલિન કરનારી છે, એમ તો અવશ્ય માની શકાય અને કહી શકાય. પૌદ્‌ગલિક અભિલાષાથી લોકોત્તર ધર્મની ક્રિયાઓને કરવી, તે વિષાનુષ્ઠાન તથા ગરાનુષ્ઠાનમાં જાય છેઃ અને વિષાનુષ્ઠાન તથા ગરાનુષ્ઠાન વિચિત્ર પ્રકારના અનર્થોને આપનાર હોવાને કારણે શ્રી જૈનશાસનમાં નિષેધાએલ છે. આ વિષે આપણે ઘણી વાર વિચારી લીધું છે.

પ્રસંગ ચાલે છે, તો એક એ વાત પણ ધ્યાનમાં રાખી લેવા જેવી છે કે–' લૌકિક અને લોકોત્તર બન્ને પ્રકારના મિથ્યાત્વનો ત્યાગ, સમ્યક્ત્વને નિષ્કલંક રાખવાને માટે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂરી છે.' જ્ઞાનીઓએ લૌકિક મિથ્યાત્વ અને લોકોત્તર મિથ્યાત્વ, એ બેયના બે બે ભેદ પાડયા છે. તે બંને મિથ્યાત્વ, દેવવિષયક અને ગુરૂવિષયક એમ બે પ્રકારે હોય છે. જ્ઞાનીઓ ફરમાવે છે કે–' એ ચારેય પ્રકારના મિથ્યાત્વના પરિહારથી જ સમ્યક્ત્વ નિષ્કલંકપણાને પામે છે.' સમ્યગ્દષ્ટિ આત્મા લૌકિક દેવ–દેવીને મોક્ષદાતા તરીકે નહિ માનતો હોવા છતાં પણ ઇહલૌકિક પૌદ્ગલિક સિદ્ધિને માટે જો તે લૌકિક દેવ–દેવીની પૂજાદિ કરે તો તેને લૌકિક મિથ્યાત્વની જ આચરણા ગણાય. તેવી આચરણા સમ્યક્ત્વને કલંકિત કરનારી વસ્તુ છે. આ કાળ માટે તો ઉપકારીઓએ આવી અપવાદપદે પણ કરાતી આચરણાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. આવું લોકોત્તર મિથ્યાત્વને અંગે પણ છે. સમ્યગ્દષ્ટિએ પોતાના સમ્યક્ત્વને નિષ્કલંક રાખવું હોય, તો લોકોત્તર દેવગત, લોકોત્તર ગુરૂગત, લૌકિક દેવગત અને લૌકિક ગુરૂગત,–એમ ચારેય પ્રકારના મિથ્યાત્વનો સર્વ પ્રકારે પરિહાર કરવો જોઈએ.

### ઉત્પાતનું મૂળ :

ધર્મની વાસ્તવિક આરાધના કરવી હોય તો પૌદ્ગલિક લાલસાને કાઢવા માટે પણ પ્રયત્નશીલ બનવું જોઈએ. પૌદ્ગલિક લાલસા સંસારમાં ડૂબાવનારી છે, એમ બરાબર હૃદયમાં જચી જાય તો ધર્મની આરાધના સુંદર પ્રકારે થઈ શકે. ધર્મ કરતાં કરતાં પણ પૌદ્ગલિક અભિલાષા આવી જાય, તો તેટલી પોતાની ખામી છે એમ માનીને, ધર્મ નિરાશંસભાવે કરવાના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયત્નમાં દત્તચિત્ત બનવું જોઈએ. અર્થકામને માટે જ ધર્મને સાધન બનાવી દેનાર મોક્ષ પ્રાપક ધર્મની આરાધના કરવાને માટે વસ્તુતઃ નાલાયક છે.

અનન્ત ઉપકારી શાસ્ત્રકાર પરમર્ષિઓ, અર્થકામને નામના જ અર્થભૂત કહે છે, પણ પરમાર્થથી તો અનર્થભૂત જ કહે છે, એ વાત ધર્મના અર્થીઓના ખ્યાલ બહાર જવી જોઈએ નહિ. અર્થકામ પરમાર્થથી અનર્થભૂત છે-એમ માનનારો, ધર્મનો ઉપયોગ અર્થકામ માટે કરે ખરો? કરવો પડે અગર થઈ જાય, તો એને દુઃખ થયા વિના રહે? અર્થકામ જ્ઞાનીઓ કહે છે તેમ ભૂંડા લાગી જાય, તો આજે જે જાતિના પ્રશ્નો ઉઠી રહ્યા છે તે ઉઠે નહિ. અર્થકામની લાલસા ભૂંડી છે, તો એને પરિપૂર્ણ કરવા માટે ધર્મને સાધન બનાવવું એ ભૂંડું જ છે, એમ સમજવામાં સુવિવેકી આત્માઓને મુશ્કેલી હોય નહિ પણ અર્થકામ પરમામર્થથી અનર્થભૂત છે, એ વાત હૈયામાં જચી નથી એના લીધે જ આજના ઉત્પાત છે!

### દ્રષ્ટાંતોને લઈ વિધાનોને બાધ ન પહોંચાડો :

ગૃહસ્થને અર્થકામ મળે અને ભોગવી લે તે વાત જુદી છે, પણ એ વસ્તુ જો હૃદયમાં સુનિશ્ચિત થઈ જાય કે- ‘ અર્થકામ પરમાર્થથી અનર્થભૂત છે, વાસ્તવિક રીતે અર્થભૂત હોય તો તે એક મોક્ષ જ છે અને સંયમ આદિ દશ પ્રકારનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો ધર્મ તેનું કારણ છે.'–તો ધર્મની જે આરાધના થાય, તે કોઈ અનુપમ કોટિની જ થાય. એ પ્રકારની ઉત્તમ મનોદશા છતાં, દુષ્કર્મના પ્રબલ ઉદયના કારણે ભવ્યાત્માઓ ધર્મની આરાધના કદાચ થોડીય કરી શકે, તો પણ તે ઘણી જ સુંદર રીતે કરી શકે છે. સમ્યગ્દષ્ટિ આત્મા અર્થકામમાં બેઠો છે, એટલા માત્રથી જ તે નાલાયક છે એમ નહિ: પણ જો તે કહેવાતો સમ્યગ્દષ્ટિ અર્થકામને સેવવા યોગ્ય માને, અર્થકામ પરમાર્થે અનર્થભૂત છે એમ ન માને, તો તે નાલાયક જ છે. વસ્તુતઃ તે સમ્યગ્દષ્ટિ નથી, દેશવિરતિ ય નથી અને સર્વવિરતિ ય નથી. વ્યવહારથી તે ગમે તે ગણાતો હોય, પણ તેને વસ્તુતઃ ગુણપ્રાપ્તિ થઈ નથી. અર્થકામને પરમાર્થથી અનર્થભૂત ન માને, તેની દૃષ્ટિ ધર્મમાં પણ અર્થકામ તરફ રહેવાની! સમ્યગ્દષ્ટિ પણ જો ધર્મમાં અર્થકામના ઉદ્દેશને લાવે તો સમ્યક્ત્વ કલંકિત થાય.

**સભા:** પૌદ્ગલિક ઈરાદાથી ધર્મ કરનારને પણ લાભ તો થઈ જાયને?

મુગ્ધ જીવોને માટે વાત જુદી છે. એ બીચારાઓને માલૂમ નથી. તેઓ જાણીજોઈને તેમ કરતા નથી. તેમને ખબર નથી કે–'મોક્ષને માટે ધર્મ કરવો જોઈએ.' એ તો સાંભળે કે–'ધર્મથી કલ્યાણ.'–એટલે ધર્મ તરફ વળે. એવા આત્માઓને જ્યારે માલૂમ પડી જાય, ત્યારે જેમનું ભાવિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદર છે તેવાં મુગ્ધ આત્માઓ માર્ગે વળી ગયા વિના રહે નહિ. એવા પણ મુગ્ધ હોય છે કે–' ધર્મ કલ્યાણકારી છે.' –એમ સાંભળીને આવે. પૂછીએ તો કહી દે કે-' દુઃખી છું. ધર્મથી કલ્યાણ થાય એમ સાંભળ્યું માટે આવ્યો છું.' આપણે એને કહીએ કે-' જો, તેં સાંભળ્યું તે સાચું છે. ધર્મથી જ કલ્યાણ થાય છે. કલ્યાણ માત્રનું મૂળ ધર્મ છે, પણ ધર્મ આવા આવા પૌદ્‌ગલિક ઈરાદે ન થાય, પણ નિરાશંસભાવે થાય.' એટલે ઝટ કહે કે–' સારૂં ત્યારે હવે તેમ કરીશ.'

ભોળા જીવો પ્રથમ આ રીતે ઢળે છે, કારણ કે-તેમણે મોક્ષ જાણ્યો નથી અને અર્થકામ પરમાર્થે અનર્થભૂત છે તે તેમના ખ્યાલમાં આવ્યું નથી. તમે એવા ભોળા છો? તમને ખબર નથી કે–પૌદ્‌ગલિક લાલસા મારનારી છે? તમને ખબર નથી કે-જ્ઞાનીઓએ વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન અને અનનુષ્ઠાનને 'અસદ્ અનુષ્ઠાનો' તરીકે જણાવીને, તેનો નિષેધ કર્યો છે? તમને ખબર નથી કે–પૌદ્‌ગલિક ઇરાદાથી થતી ધર્મક્રિયાને જ્ઞાનીઓ અન્યાયથી પેદા કરેલી લક્ષ્મી સાથે સરખાવે છે? તમને ખબર નથી કે–અર્થકામ પરમાર્થથી અનર્થભૂત છે, એમ જ્ઞાનીઓ કહે છે? આટલી ખબર છે, તે છતાં પણ તમારે મુગ્ધની કોટિમાં જવું છે? અર્થકામને માટે ધર્મને સાધન બનાવવું એ ખરાબ જ છે, છતાં પણ તમારાથી ગમે તે કારણે તેવી ભૂલ થઈ જાય છે, એ વાતનો આ બચાવ હોય? અર્થકામની લાલસા ન છૂટે, તો તેને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામરતા માનો, પણ ખોટા બચાવ શોધતા ન બનો! વિધાનો સામેથી આંખ ખસેડીને દૃષ્ટાંતો સામે ન લઈ જાઓ! દૃષ્ટાંતનો ઉપયોગ વિધાનનો ઘાત કરવામાં ન કરો!

શાસ્ત્રમાં મુગ્ધ જીવોના દૃષ્ટાંતો આવે છે. અતિશયજ્ઞાનીઓના હસ્તકના દૃષ્ટાંતો આવે છે, એ જુઓ છો, પણ વિધાન કેમ જોતા નથી? તમે મુગ્ધ હો તો બોલો! વળી અતિશયજ્ઞાનીઓના હસ્તકના દૃષ્ટાંતો વિધાનને બાધક રીતે ન લેવાય, એમ નથી સમજતા? અતિશયજ્ઞાનીઓની વાત જુદી છે. તેમને ઠીક લાગ્યું તેમ તે મહાપુરૂષોએ કર્યું, કારણ કે-તેઓ જ્ઞાનવિશિષ્ટ છે! અર્થકામની લાલસા ન છુટતી હોય અને અર્થકામમાં માનેલું અર્થપણું ન નીકળતું હોય, તો તમારા હૈયાને દોષ દો પણ વિધાનને કલંકિત ન કરો! મુગ્ધ આત્માઓને તો આ બધી વસ્તુઓનો ખ્યાલ હોતો નથી. એ તો-'ધર્મ સારો છે.' એમ સાંભળે, તો લઘુકર્મિતાના યોગે ધર્મ તરફ વળે. સારૂં લેવાની ઈચ્છા થવી તે સ્વાભાવિક છે. એને અર્થકામ અનર્થભૂત સમજાય, પછી તો એ પોતાના ઈરાદાને તજી દે અને યોગ્ય આત્માઓ એમ ધર્મને પામી જાય. એવાની વાત તમે કેમ લ્યો છો? અર્થકામ માટે ધર્મ ન થાય એમ જાણે અને છતાં તેમ કરે, તે તેવો મુગ્ધ નથી. એવા દાખલાઓ આપીને,-'અર્થકામ માટે તમે ધર્મ કરો તે શાસ્ત્રકારોને ઈષ્ટ છે.'-એમ કહેનારાઓ ઉન્માર્ગદેશકો છે. આત્માના હિતની ચિંતા હોય તો એવા પાપોપદેશને તમારા હૈયાને અડવા ન દો!

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પુણ્યાનુબંધી અને પાપાનુબંધી પુણ્યનું સ્વરૂપ અને તેના બંધના કારણો :

**સભા :** અર્થકામ અનર્થભૂત છે, તો ધર્મથી જે અર્થકામ પ્રાપ્ત થાય તે અર્થભૂત કે અનર્થભૂત ?

આ પ્રશ્ન પણ ઠીક છે. અર્થકામની પ્રાપ્તિ ધર્મના યોગે બંધાએલા પુણ્યથી થાય છે-એ વાત સાચી, પણ પુણ્ય બે પ્રકારના છે. પુણ્યાનુબંધી અને પાપાનુબંધી. નિરાશંસભાવે કરાએલા ધર્મથી બંધાતુ પુણ્ય, એ પુણ્યાનુંબંધી પુણ્ય હોય છે અને આશંસાભાવે કરાએલા ધર્મથી બંધાતું પુણ્ય, એ પાપાનુબંધી પુણ્ય હોય છે. પુણ્યાનુબંધી પુણ્યના યોગે પ્રાપ્ત થયેલા ભોગો આત્માને મુંઝવનારા હોતા નથી. પુણ્યાનુબંધી પુણ્યના યોગે પ્રાપ્ત થયેલા શબ્દાદિ વિષયોના ઉપભોગો, જ્ઞાનીઓ ફરમાવે છે કે-'સારી રીતે તૈયાર કરેલા મનોહર અને પથ્ય અન્નની માફક સુંદર વિપાકવાળા હોય છે.' વસ્તુતઃ શબ્દાદિ ભોગો જ એ છે. એવા શબ્દાદિ ઉપભોગો જ્યારે ભોગવાતા હોય ત્યારે વિશેષ શુભ આશયને પેદા કરે છે: અને એથી, ઉદાર અભિપ્રાયવાળો તે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયને ભોગવનારો આત્મા, તે શબ્દાદિ ઉપભોગોમાં મુંઝાતો નથી. જ્ઞાનીઓ ત્યાં સુધી ફરમાવે છે કે-એમ સામાન્ય રીતે વિરક્તભાવે શબ્દાદિ ઉપભોગોને ભોગવતો એવો પણ તે આત્મા, પૂર્વે કરેલા પાપપરમાણુઓના સંચયને શિથિલ બનાવી દે છે અને તે વખતે પુણ્ય બાંધે તોય પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે તથા પરિણામે મોક્ષે પહોંચે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત એ છે કે–એ જાતિના શબ્દાદિ વિષયોના ઉપભોગોની પ્રાપ્તિ નિરાશંસભાવે ધર્મ કરવાના યોગે બંધાયેલા પુણ્યાનુબંધી પુણ્યથી જ થાય છે : આથી જ્ઞાનીઓ ફરમાવે છે કે–'નિરાશંસભાવે ધર્મ કરો અને તેમ કરતાં બંધ પણ પડે તો તેથી મુંઝાવ નહિ : કારણ કે–તે પુણ્યનો ઉદય જે સામગ્રી આપશે, તે સામગ્રી એવી હશે કે–એના યોગે આત્માના આશયો વધારે ઉજળા બનશે, પૂર્વે બાંધેલા પાપો પણ શિથિલ થઈ જશે અને એ વખતે પણ આત્મા નવા શુભતર વિપાકવાળા પુણ્યના પ્રાગ્ભારને ઉપાર્જશે, કે જે ઉદયને પામતા, આત્મામાં ભવવિરાગ ઉત્પન્ન કરાવશે તથા પરિણામે મોક્ષના કારણ રૂપ બનશે.' આ વસ્તુનો ખ્યાલ રાખીને–'ધર્મથી પુણ્ય બંધાય અને પુણ્યથી અર્થકામ મળે એટલે ડૂબી જવાય, માટે નિર્જરાની ખાત્રી થાય તો જ ધર્મ કરું.' આવી કોઈ ભ્રમણામાં ફસાયા હો કે ફસાતા હો, તો ચેતજો. નિરાશંસભાવે કરેલા ધર્મથી બંધાય તો પુણ્યાનુબંધી પુણ્ય જ બંધાય અને જ્ઞાનીઓ પુણ્યાનુબંધી પુણ્યનું જે સ્વરૂપ દર્શાવે છે તેને જાણનારો તેવા બંધથી પણ ગભરાય નહિ કારણ કે–તેવો બંધેય પરિણામે બંધમાત્રનો નાશ કરનારો નિવડવાનો છે.

એ ચોક્કસ છે કે–જેઓ પૌદ્ગલિક આશંસાથી ધર્મ કરતા હોય, તેઓએ પોતાની આશંસાને કાઢી નાખીને નિરાશંસભાવે ધર્મ કરતા થઈ જવું જોઈએઃ કારણ કે–આશંસાપૂર્વકના ધર્મથી બંધાતું પાપાનુબંધી પુણ્ય પરિણામે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માને માટે મહા અનર્થકારક નિવડે છે, એમ જ્ઞાનીઓ ફરમાવે છે. પાપાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા શબ્દાદિ વિષયોના ઉપભોગો, તરત જ મારી નાખે તેવા ઝેરથી લેપાએલા લાડવા જેવા છે. શીઘ્ર હણનારા ઝેરથી લેપ કરાએલા લાડવાઓ તેના ખાનારને માટે જેમ ભયંકર પરિણામ આપનારા નિવડે છે, તેમ પાપાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થએલા શબ્દાદિ વિષયભોગો તેના ભોગવનારને માટે ભયંકર પરિણામ આપનારા નિવડે છે. જ્ઞાનીઓ ફરમાવે છે કે–તે ઉપભોગો વસ્તુતઃ ભોગ નામને માટે પણ લાયક નથીઃ કારણ કે-તે ઝાંઝવાના જળ જેવા હોઈ તૃપ્તિને આપનારા હોતા નથી, પણ તૃષ્ણાને વધારી મૂકનારા હોય છે.

પાપાનુબંધી પુણ્યના યોગે કથંચિત્ પ્રાપ્ત થઈ ગએલા પણ વિષયભોગો, તે જ્યારે ભોગવાતા હોય છે ત્યારે, તેને ભોગવનારના આત્મામાં ક્લિષ્ટ આશયને જન્માવે છે. પછી તુચ્છ અભિપ્રાયવાળો બનેલો તે પોતાની બુદ્ધિને આંધળી બનાવી દે છે અને વિષયભોગોમાં અતિ આસક્ત બની જાય છે. આ રીતે તે પ્રાણી પુણ્યને ખપાવી દે છે અને તીવ્ર પાપકર્મના ભારથી પોતાના આત્માને ભારી બનાવી દે છે. જ્ઞાનીઓ ત્યાં સુધી પણ સાફ સાફ શબ્દોમાં ફરમાવે છે કે–પાપાનુબંધી પુણ્યના યોગે પ્રાપ્ત થયેલા કથંચિત્ વિષયભોગોને ભોગવતાં ક્લિષ્ટાશયી અને તેથી તુચ્છાભિપ્રાયી બનેલો આત્મા, પોતાની બુદ્ધિને આંધળી બનાવી દે છે અને તુચ્છ વિષયભોગોમાં અતિ આસક્ત બને છે. એવો આંધળો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને આસક્ત બનીને તે, તેવા તુચ્છ પણ વિષયભોગોને પમાડનાર પુણ્યને ખપાવી દે છે અને પોતાના આત્માને અતિ તીવ્ર પાપના ભારથી લાદી દે છે. આ પછી એ પાપના ઉદયને પામેલો તે આત્મા, અનંત દુઃખથી ભરેલા સંસાર-સમુદ્રમાં અનંતો કાળ ભટક્યા કરે છે. આથી જ પુણ્ય પમાડે તોય પાપાનુબંધી પુણ્ય જ પમાડે, એવા પ્રકારે થતા અનુષ્ઠાનને વિચિત્ર પ્રકારના અનર્થનું કારણ કહેવાય છે.

'દુન્યવી લાલસાએ કરેલા પણ ધર્મથી પુણ્ય તો બંધાય જ છે ને?' એમ કહીને વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન જેવાં હેય કોટિનાં અનુષ્ઠાનોનું ઉપાદેય તરીકે સમર્થન કરનારાઓએ સમજવાની જરૂર છે કે-'પાપાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થતા શબ્દાદિ વિષયભોગો ભયંકર પરિણામવાળા છે.' આજે આ વાત સામે પણ જેમ-તેમ બોલાય છે, પણ તેમાં પ્રમાણિકતાય નથી અને સત્યતાય નથી. પાપાનુબંધી પુણ્યના યોગે પ્રાપ્ત થયેલા વિષયોના ઉપભોગોમાં આંધળા બનીને અતિ આસક્ત બનનારાઓ, સંસારસમુદ્રમાં અનંત કાળ સુધી ભટકે છે, એ વાત આપણે સ્વતંત્રપણે કહેતા જ નથી. એ અનંતકાળની વાત જ્ઞાનીઓએ સ્પષ્ટ શબ્દોમાં કહી છે, માટે જ આપણે કહીએ છીએ; અને તે પણ જ્ઞાનીઓએ જે અપેક્ષાએ કહી હોય તે અપેક્ષાને કાયમ રાખીને જ ઉત્સર્ગમાર્ગની વાતો આ રીતે જરૂર કહી શકાય છે.

ભગવાનની આશાતના કરે તે ઘોર પાપ બાંધે અને સંસારમાં રૂલે એમ કહેવાય. હવે સામે કોઈ ચણ્ડકોશીયાનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાખલો લાવી મૂકે તો ? ભયંકર હત્યારાની કયી દશા થાય તેનું વર્ણન કર્યું હોય, પછી કોઈ મહાત્મા દ્રઢપ્રહારી વિગેરેના દાખલા સામે ધરે તો ? એવાં દૃષ્ટાંતોમાં વિવેક કરતાં આવડે, તો આ વિષયમાં અનંતનો નિયમ બાંધવાની વાતો કરીને, લોકને નાહક ઉન્માર્ગે ચઢાવવાનો જે પ્રયત્ન થાય છે, તેવો પ્રયત્ન થાય નહિ. એવા દુષ્પ્રયત્નના ભોગ થઈ પડાય નહિ, એ માટે તમે વિવેકી બનો.

આપણી મૂળ વાત તો એ હતી કે-આશંસારહિતપણે ધર્મની આરાધના કરવી એજ ઉચિત છે. આશંસારહિતપણે ધર્મની આરાધના કરવાના પરિણામમાં કદાચ બંધ થાય તો પણ પુણ્યાનુબંધી પુણ્યનો જ બંધ થાય છે, કે જે બંધથી મુંઝાવા જેવું નથી : કારણ કે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયભોગો ભોગવતો આત્મા પણ પોતાના હૃદયમાં રહેલા વિરક્તભાવના યોગે, પૂર્વે બાંધેલા એવા પણ પાપપરમાણુઓના સંચયને શિથિલ બનાવી દે છે અને ક્રમશઃ મોક્ષને પામે છે.

### માર્ગાનુસારી પણ ધર્મને પ્રધાન માને :

અર્થકામને અર્થભૂત માનનારાઓ મોક્ષપ્રાપક ધર્મની વાસ્તવિક આરાધના કરી શકતા જ નથી. મોક્ષપ્રાપક ધર્મની સાચી આરાધના કરવી હોય, તો અર્થકામ પરમાર્થે કરીને અનર્થભૂત છે, એ વાત હૈયામાં જચાવવી જ પડશે. માર્ગાનુસારી માટે પણ કહ્યું કે-‘ અર્થ, કામ અને ધર્મમાં એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મને જ પ્રધાન માને.' અર્થ, કામ અને ધર્મ એ ત્રણેયને ઉપાદેય માનનારા પણ માર્ગાનુસારી આત્માઓ, તે ત્રણમાં ધર્મ પ્રધાન છે એમ માનનારા હોય છે. અર્થકામ માટે ધર્મનો ભોગ ન દેવાય, પણ અવસરે ધર્મ માટે અર્થકામનો ભોગ દેવાય, એમ માર્ગાનુસારી પણ માને. આને બદલે પોતાને સમ્યગ્દૃષ્ટિ સુશ્રાવક ગણાવનારાઓ અર્થકામ માટે ધર્મનો ભોગ આપવા તૈયાર થાય, ત્યારે એમને શું કહેવું ? અર્થકામ મેળવે અને ભોગવે, એ વાત જુદી છે: પણ અર્થકામને માટે ધર્મનો ભોગ દેવામાં પણ કલ્યાણ માને, તો સમ્યક્ત્વ રહે જ ક્યાં ? અર્થકામમાં પડેલો પણ અર્થ-કામને પરમાર્થથી અનર્થભૂત માનનારો આત્મા ઉત્તમ કોટિનો છે. તેવા આત્માને માટે મોક્ષસાધક ધર્મની આરાધનાનો કાળ નિકટ જ આવતો જાય છે. બાકી અર્થકામને પરમાર્થે કરીને જે અનર્થભૂત ન માને, તે તો મોક્ષસાધક ધર્મને જે રીતે સાધવો જોઈએ, તે રીતે સાધી શકે જ નહિ.

**જે પરંપરાએ પણ મોક્ષનું કારણ, તે જ સાચો ધર્મ પુરૂષાર્થ :**

ધર્મ, અર્થ કામ અને મોક્ષ—એ ચાર પ્રકારના આ લોકમાં પુરૂષાર્થો છે, પણ તેમાં અર્થ અને કામ એ બે પુરૂષાર્થો તો માત્ર નામથી જ અર્થભૂત છે પરમાર્થથી તો અનર્થભૂત જ છે. આ વાત તો થઈ ગઈ. હવે બાકીના બે પુરૂષાર્થોનું શું ? ધર્મ અને મોક્ષ, એ બે પુરૂષાર્થો અર્થભૂત છે. વસ્તુતઃ તો એક મોક્ષ પુરૂષાર્થ જ અર્થભૂત છે, પણ ધર્મપુરૂષાર્થને ય અપેક્ષાએ અર્થભૂત કહેવાય: કારણ કે-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોક્ષ રૂપ અર્થની સિદ્ધિનું સાધન ધર્મ છે. આથી પણ સમજી શકાય તેમ છે કે-'જે ધર્મ મોક્ષનું સાધન નહિ, તે દેખાવમાં ધર્મ હોય તો પણ વસ્તુતઃ ધર્મપુરૂષાર્થની કોટિમાં તે જતો જ નથી.' અર્થકામના સાધન રૂપ જ બનાવાએલા ધર્મની પણ ગણના, વસ્તુતઃ તો અર્થકામ પુરૂષાર્થમાં જ ગણાય: કારણ કે-દેખાવમાં કરાય છે ધર્મ, પરંતુ વસ્તુતઃ તે આદમી ધર્મની સાધના કરતો નથી, પણ અર્થકામની સાધના કરે છે ધર્મની તે સાધના જ ધર્મપુરૂષાર્થમાં ગણાય, કે જે પરંપરાએ પણ મોક્ષનું કારણ બને.

### તે જ સાચો પુરૂષાર્થી:

જો વિવેકપૂર્વક વિચારવામાં આવે તો,-'ધર્મ, અર્થ, કામ અને મોક્ષ'-એ ચાર પુરૂષાર્થોમાં મોક્ષ પુરૂષાર્થ જ એક અર્થભૂત છે, આવું અનંતજ્ઞાનીઓનું કથન સર્વથા વ્યાજબી છે, એમ સમજાયા વિના રહે નહિ. અનંતજ્ઞાનીઓનું એકે એક વચન વ્યાજબી જ હોય છે, એમાં શંકા રાખવા જેવું નથી. જેઓને તેમાં ગેરવ્યાજબીપણું લાગે છે, તેઓમાં સાચી વિચારશક્તિ જ નથી. એવાઓની બુદ્ધિ જડવાદથી ઘેરાએલી છે. જો તેઓ ચેતન અને જડ બંનેના યોગનો અને તેના થતા વિયોગનો સુવ્યવસ્થિતપણે વિચાર કરે, તો તેમને પોતાની માન્યતા ફેરવ્યા વિના ચાલે જ નહિ. જ્ઞાનીઓ ફરમાવે છે કે-"अर्थस्तु मोक्ष एवैको ।" મોક્ષ એ જ એક અર્થભૂત છે. પ્રાણીઓએ એજ અર્થ સાધવા યોગ્ય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપકારી જ્ઞાનીપુરૂષોનું આ પ્રકારનું કથન સહેતુક છે. મોક્ષ સાધ્યા વિના આત્મા પોતાના સંપૂર્ણ સ્વરૂપમાં સુસ્થિત બની શકતો જ નથી. પ્રાણી માત્રને એકાંતિક અને આત્યન્તિક સુખ જોઈએ છે. એ સુખનો સંપૂર્ણ સાક્ષાત્કાર મોક્ષ વિના સંભવિત નથી. આથી જ ઉપકારીઓ ફરમાવે છે કે ચાર પુરૂષાર્થોમાં જો કોઈ પુરૂષાર્થ વાસ્તવિક રીતે અર્થભૂત હોય, તો તે એક મોક્ષ પુરૂષાર્થ જ છે. આથી એ વાત પણ નિશ્ચિત જ છે કે–મોક્ષ પુરૂષાર્થને સાધનારાઓ જ સાચા પુરૂષાર્થી છે. અર્થ અને કામના પુરૂષાર્થમાં રચ્યા મચ્યા રહેલાઓ સાચા પુરૂષાર્થી નથી. તમે નામના પુરૂષાર્થી છો કે સાચા પુરૂષાર્થી છો? સાચા પુરૂષાર્થી તે કે જે એક મોક્ષ પુરૂષાર્થની સાધનામાં જ મસ્ત છે. તમારે સાચા પુરૂષાર્થી બનવું હોય તો અર્થકામને અનર્થભૂત માનતા બનો અને મોક્ષ એજ એક વાસ્તવિક અર્થ છે એમ હૃદય પૂર્વક સ્વીકારો.

### મોક્ષનો અર્થી નહિ તે ધર્મી નહિ :

સાચો પુરૂષાર્થી ઓળખાય કયી રીતે? મોક્ષ એ જ એક સાચો અર્થ છે એમ જેને લાગે, તેણે કોનું શરણ લેવું જોઈએ? મોક્ષ રૂપ અર્થને સિદ્ધ કરવાને માટે શું કરવું જોઈએ? એ માટે ફરમાવ્યુ કે–' धर्मस्तस्य च कारणम् ।' આ સમજવા જેવું છે. ધર્મ એ જ મોક્ષ રૂપ અર્થને સિદ્ધ કરવાનું એક માત્ર સાધન છે. જે ધર્મનો અર્થી નથી તે મોક્ષનો અર્થી નથી અને જે મોક્ષનો અર્થી નથી તે ધર્મી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. ધર્મની અવગણના કરનારો મોક્ષની અવગણના કરનારો છે. ધર્મનો વિરોધી તે મોક્ષનો વિરોધી છે. ધર્મી તે, કે જે મોક્ષ રૂપ અર્થને સિદ્ધ કરવાનો અભિલાષી હોય. ધર્મક્રિયા કરે છતાં મોક્ષનો જે અર્થી ન હોય, તે વસ્તુતઃ ધર્મી નથી. ધર્મ મોક્ષનું કારણ છે માટે પુરૂષાર્થ છે. ધર્મની વાસ્તવિક ઉપાદેયતા મોક્ષને અંગે છે. અર્થકામ માટે કરાતો ધર્મ વસ્તુતઃ તો અર્થકામની સાધનામાં જ ગણાય. આપણે તો તેવો ધર્મ કરવો જોઈએ, કે જે મોક્ષની સાધનામાં જાય. સાધ્ય તરીકે લેવાનો મોક્ષ અને સાધન તરીકે લેવાનો ધર્મ. આવા મોક્ષના સાધનને જે સંસારનું કારણ જ બનાવી દે, તે શું ઓછો હીનકર્મી છે? કહેવું પડશે કે–નહિ જ.

**ધર્મ સંસારથી તારનાર :**

હવે મોક્ષ રૂપ એક માત્ર જે અર્થ છે, તેનું કારણ કયો ધર્મ છે? તેને માટે પણ અહીં ખુલાસો કર્યો છે કે– 'संयमादिर्दशविधः' સંયમ આદિ દશ પ્રકારનો અનંતજ્ઞાનીઓએ ફરમાવેલો ધર્મ મોક્ષનું કારણ છે. આ પ્રમાણે દર્શાવીને ઉપકારી જ્ઞાનીપુરૂષો જગતના જીવોને એ જ ફરમાવે છે કે–મોક્ષ મેળવવાની જેની ઇચ્છા હોય, તેણે સંયમાદિ દશ પ્રકારના ધર્મને સેવવાને માટે તત્પર બનવું જોઈએ. સંયમાદિ દશ પ્રકારનો ધર્મ કેવો છે? "संसाराम्भोधितारणः।" સંસાર રૂપી સાગરથી તારવાવાળો છે. આ ઉપરથી પણ સમજાય તેમ છે કે–'ધર્મ શા માટે કરવો જોઈએ?' આજે એ વાત તો ભારપૂર્વક કહેવા જેવી છે કે–'સંસારથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારનારા ધર્મને સંસારના જ કારણભૂત બનાવવાથી પાછા હઠો અને એને સ્વપરને માટે-સૌને માટે મોક્ષપ્રાપક બનાવો!'

વિવેક કરશો, તો ઉન્માર્ગથી બચશો :

આ રીતે ચારેય પુરૂષાર્થોનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચાર પુરૂષાર્થો છે. એ ચારમાં અર્થ અને કામ એ બે પુરૂષાર્થો નામના જ અર્થભૂત છે, પણ પરમાર્થથી અનર્થભૂત છે, મોક્ષ એ જ એક સાચો અર્થ છે અને સંસાર રૂપ સાગરથી તારવાને સમર્થ એવો સંયમાદિ દશ પ્રકારનો ધર્મ તેનું કારણ છે. આટલું જાણ્યા પછી ચાર પુરૂષાર્થોના નામે મુંઝાશો નહિને? 'ભગવાને ચાર પુરૂષાર્થો કહ્યા છે.' –એમ કહીને કોઈ મુંઝવવા આવે, અર્થ–કામ પણ ઉપાદેય છે એવું ઠસાવવા માગે, તો તમે એને કહી શકો છો અને પૂછી પણ શકો છો કે– 'ભગવાને પુરૂષાર્થો ચાર છે એમ ફરમાવ્યું હોવાની વાત સાચી, પણ અર્થકામને અનર્થભૂત કહ્યા છે કે નહિ? મોક્ષ જ એક અર્થભૂત છે એમ કહ્યું છે કે નહિ? અને સંયમાદિ દશ પ્રકારનો ધર્મ મોક્ષનું કારણ છે, એમ પણ કહ્યું છે કે નહિ?'

જ્યાં જ્યાં ચાર પુરૂષાર્થોની વાત આવે, ત્યાં ત્યાં આટલો વિવેક કરી લેશો તો ઉન્માર્ગથી બચશો. અર્થકામને જે તજે, તે જ મોક્ષસાધકધર્મની આરાધના કરી શકે એમ નહિ, પણ અર્થકામને અનર્થભૂત માને તે ય મોક્ષસાધકધર્મની આરાધના કરી શકે. અર્થકામનો સંસર્ગ ન છૂટે, તેને ભોગવે, તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં પણ માને કે-'દુશ્મનની સોબતમાં છું.' અર્થકામ દુશ્મન રૂપ લાગી જવા જોઈએ. ધર્મને મિત્ર બનાવવા માટે અર્થકામની મૈત્રી તજવી જોઈએ. મુક્તિ એ જો આરોગ્ય છે, તો ધર્મ એનું ઔષધ છે અને અર્થકામ કુપથ્ય છે. કુપથ્ય લાગી જાય પછી ખાવું પડે તો ય એનો રાગ ન થાય. મુક્તિ જો રાજધાની હોય તો તેને પમાડનાર ધર્મ છે અને ત્યાં જતાં રોકનાર અર્થકામ છે : માટે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા સંયમાદિ દશ પ્રકારના ધર્મને મોક્ષના હેતુથી આજ્ઞા મુજબ સેવવો, એ જ એક કલ્યાણનું વાસ્તવિક સાધન છે.

**સંસાર અનંત દુઃખમય અને મોક્ષ અનંત સુખમય :**

મોક્ષ એ જ એક અર્થ છે, એમ કેમ ? એનો પણ ખુલાસો કરતાં ફરમાવે છે કે–

'अनन्तदुःखः संसारो, मोक्षोऽनन्तसुखः पुनः ।'

આ સંસાર અનંત દુઃખમય છે અને મોક્ષ અનંત સુખમય છે. તમે ક્યાં બેઠા છો ? સંસારમાં તમે જ્યાં બેઠા છો તે અનંત દુઃખમય છે, આવું અનંતજ્ઞાની કહે છે. આ શ્રાપ નથી, પણ વસ્તુસ્થિતિ છે. ચેતવા જેવું છે. 'અર્થ–કામ અનર્થભૂત કેમ ?' તે પણ આથી સમજાઈ જાય તેમ છે. અર્થ અને કામ પુરૂષાર્થની સાધના સંસારને વધારનારી છે અને સંસાર તો અનંત દુઃખમય છે. અનંત દુઃખમય સંસારને વધારનારી જે વસ્તુ હોય, તે અનર્થભૂત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. અનંત દુઃખમય સંસારનું જે કારણ બને તે ધર્મ તરીકે ઓળખાતો હોય તો પણ વસ્તુતઃ તે ધર્મ નથી. આથી અહીં ફરમાવે છે કે–

'तयोस्त्यागपरिप्राप्तिहेतु धर्मं विना न हि ।।'

અનંત દુઃખમય સંસારનો ત્યાગ અને અનંત સુખમય મોક્ષની પ્રાપ્તિ ધર્મ વિના નથી જ. ધર્મ એટલે અનંત દુઃખને ટાળનાર અને અનંત સુખને પમાડનાર! જેનામાં એ તાકાત નહિ તે સુધર્મ નહિ. આપણે ધર્મ શા માટે કરવાનો? અનંત દુઃખથી મૂકાવાને માટે અને અનંત સુખ પામવાને માટે! સંસારના છેદને માટે અને મોક્ષની પ્રાપ્તિને માટે! જેનામાં સંસારનો છેદ કરવાની અને મોક્ષને પ્રાપ્ત કરવાની સાચી અભિલાષા હોય, તે કયી રીતે વર્તે? મોક્ષના અર્થિને શોભે તેવું જ તેનું વર્તન હોવું જોઈએ.

**આ બધા કયા જૈનત્વના આચાર છે?**

આસો વદ તેરશને ધનતેરશ કહેવાય છે ને? ખરું ધન સંસારનો છેદ કરનાર ધર્મ છે. એની પૂજા હોય. એની સેવા હોય. જૈન પૂજક કોનો હોય? ધર્મનો કે ધનનો? ધનની સેવા શ્રાવકના ઘરમાં શોભે? શ્રાવક ધનનો પૂજારી હોય? ધનની સેવા મિથ્યાત્વીને શોભે કે સમ્યગ્દષ્ટિ શોભે? દરિદ્રીમાં દરિદ્રી શ્રાવક પણ કહે કે–'મારું ખરું ધન સંયમાદિ દશ પ્રકારનો ધર્મ. અર્થકામ મારા નહિ. એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂકાય નહિ તે મારી પામરતા.' ધર્મના પૂજક મટી ધનના પૂજક ન બનો. ધનને માટે ધર્મની સેવા કરનારા પણ ન બનો. કેવળ મોક્ષના ઈરાદે ધર્મના સેવક બનો. દુકાને કુંચીઓ આંખે લગાડવી, ઉંબરે હાથ મૂકીને કપાળે મૂકવો, દુકાનને સલામો ભરવી, આ બધા કયા જૈનત્વના આચાર છે? સંસારને છોડી ન શકો અને અર્થકામ ભોગવતા હો, છતાં પણ તમે એને દુશ્મન માનો છો, એ દેખાવું જોઈએ. પેલા તો મોહના પાસા છે. મોહ પાસા નાખે ને જગત પાગલ ન બને, એમ બને? બને. પણ તે કયાં સુધી? જૈનત્વનું શરણુ ન પમાય ત્યાં સુધી! જૈનત્વને શરણે રહો તો સંયમાદિ દશ પ્રકારના ધર્મના સેવક બની શકો અને એ બનો એટલે મોહને વહેલા–મોડા ભાગ્યે જ છૂટકો છે.

## ધનતેરસની સાચી ઉજવણી :

ભગવાન કહે છે કે–'માર્ગે ચઢેલો પાંગળો પણ જેમ ક્રમે કરીને દૂર રહેલા સ્થાનને પામે છે, તેમ ધર્મમાં રહેલો ઘનકર્મી પણ મોક્ષને પામે છે.' જો આત્મા એકવાર ધર્મમાં સ્થિર થઈ જાય, તો નિયમા ધર્મથી મોક્ષ પામે. ધર્મને પામો અને ધર્મમાં સ્થિર બનો, તો ધનતેરશની સાચી ઉજવણી થાય.

## ધર્મથી ક્રમે કરીને મોક્ષ :

આજે જે કહેવાયું, તેની સંકલના યાદ રહેશેને? યાદ કરો : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તે ચારમાં અર્થ અને કામ, નામના અર્થભૂત છે પણ પરમાર્થથી અનર્થભૂત છે. અર્થ તો મોક્ષ એક જ છે અને ધર્મ તેનું કારણ છે. તે ધર્મ સંયમાદિ દશ પ્રકારનો છે અને સંસાર રૂપ સાગરથી તારનારો છે. સંસાર અનંત દુઃખમય છે, જ્યારે મોક્ષ અનંત સુખમય છે. સંસારત્યાગનો તથા મોક્ષપ્રાપ્તિનો હેતુ એક માત્ર ધર્મ જ છે, માર્ગને આશ્રિત પાંગળો જેમ ક્રમે કરીને દૂર પહોંચે છે, તેમ ઘન-કર્મવાળો પણ આત્મા જો ધર્મમાં સ્થિર બની જાય છે, તો નિયમા ક્રમે કરીને મોક્ષને પામે છે.

## ઉપસંહાર :

તમે સૌ ચાર પુરૂષાર્થના આ ચરમતીર્થપતિએ ફરમાવેલા વાસ્તવિક સ્વરૂપને સમજી અર્થ–કામને અનર્થકારી તો છેવટે માની મોક્ષના કારણભૂત જે બનતો હોય તે જ ધર્મ છે, આ વાતને હૈયામાં સુસ્થિર બનાવી અનંતદુઃખમય સંસારથી છૂટી અનંત સુખમય મોક્ષને પામવા માટે આજ્ઞા મુજબ ધર્મના આરાધક બનો અને અનંત સુખમય મોક્ષને પામનારા બનો એ જ એક **અભિલાષા.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમલ ધર્મનું અમાપ ફળ-મોક્ષ

### તેઓ ભગવાનના શાસનના અપરાધી છે :

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ અને તેમના શાસનમાં થઈ ગયેલા પ્રત્યેક મહાપુરૂષોએ ભવ્ય જીવોના હિતને માટે ધર્મ દેશના ફરમાવતાં પ્રારંભમાં જ असारोऽयं संसारः–આ સંસાર અસાર છે, એમ કહીને પછી સઘળી આગળની વાતો ફરમાવી છે. પરંતુ કોઈ તેવા પ્રકારની ગુરુ-કર્મિતાના યોગે આજે કેટલાકને 'સંસાર અસાર છે' એ વાત સાંભળવી ગમતી નથી. એટલું જ નહિ પણ પાટે બેસીને ધર્મદેશના દેનારા કેટલાક ધર્મોપદેશકોને પણ 'સંસાર અસાર છે' એમ બોલતાં સંકોચ થાય છે. વળી આગળ વધીને વર્તમાનના કેટલાક ધર્મોપદેશકો તો એમ પણ બોલતા થયા છે કે–આ સંસાર અસાર નહિ પણ સાર છે. કારણ કે–' આ સંસારમાં મુક્તિની સાધના થાય છે; તીર્થંકરાદિ મહાપુરૂષો આ સંસારમાં પેદા થયા છે, સંસાર ન હોત તો મુક્તિ ક્યાંથી મળત ?'

મારે તેમને કહેવું છે કે–જો સંસાર જ ન હોત તો મુક્તિની જરૂર જ શી હતી ? ભગવાને આ અસાર સંસારથી મુક્તિ પામવા માટે જ શાસન સ્થાપ્યું છે. એ શાસનમાં રહેલા અને શાસનની જવાબદારી પોતાના શિરે છે એવો દાવો ધરાવનારાઓ પણ 'જો સંસાર અસાર છે' એવું કહેતાં અચકાતા હોય, મોક્ષની વાત કરતાં સંકોચ અનુ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવતા હોય, એટલું જ નહીં પણ આગળ વધીને મોક્ષ જેવા પરમોચ્ચ તત્ત્વની લઘુતા થાય તેવાં ઉચ્ચારણો કરતા હોય, એકાંતે કલ્યાણ કરનારા મોક્ષના આશયની મશ્કરી ઉડાવે તેવાં વચનો બોલતા કે લખતા હોય, તો તેવા ઉપદેશકો કે લેખકો વાસ્તવમાં મોક્ષમાર્ગ સ્વરૂપ શ્રી જિનેશ્વરદેવના શાસનના ઉપદેશકો કે લેખકો નથી પણ તેની આશાતના કરનાર છે અને ભગવાનના શાસનના અપરાધી છે.

**શ્રી જિનેશ્વર દેવોની આ એક ઘોર આશાતના છે.:**

ભગવાન શ્રી તીર્થંકરદેવોએ મોક્ષમાર્ગની સ્થાપના કરીને કેવળ મોક્ષના જ એક આશયથી ધર્મ કરવાનો ઉપદેશ ફરમાવ્યો છે. એ ઉપદેશને જગતના ભલા માટે વહેતો રાખવાની જવાબદારી શ્રી જૈનશાસનના ધર્મોપદેશકોની છે. જેઓ શ્રી જૈનદર્શનના ધર્મોપદેશકો બની એ જવાબદારી અદા કરતા નથી તેઓ આ શાસનને અન્યાય કરનારા છે. મોક્ષમાર્ગનો ઉપદેશ આપવાની પવિત્ર જવાબદારી તેમના શિરે રહેલી હોવા છતાં તેનો વાસ્તવિક અમલ ન કરવાના કારણે જાણ્યે અજાણ્યે પણ તેઓ પ્રભુશાસનનો દ્રોહ કરી રહ્યા છે એમ કહ્યા સિવાય ચાલે તેવું નથી મોક્ષમાર્ગ સ્વરૂપ ભગવાનનું શાસન અને એ શાસનના સ્થાપક શ્રી જિનેશ્વરદેવોની આ એક ઘોર આશાતના છે.

**પ્રભુશાસનના મૂળભૂત સિદ્ધાંતોને હૃદયસ્થ બનાવી અસ્થિ મજ્જા બનાવો :**

શ્રી જિનેશ્વરદેવનું શાસન અતિ સ્પષ્ટપણે ફરમાવે છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે-દુર્લભ એવા માનવ જન્મને મહાપુણ્યે પ્રાપ્ત કર્યા પછી જીવોએ મોક્ષનો જ એક ઉદ્યમ કરવો જોઈએ. મોક્ષનો ઉદ્યમ એટલે મોક્ષમાર્ગની આરાધના, એટલે મોક્ષપ્રાપક ધર્મનું આચરણ. કોઈ જીવો એ ધર્મનું આચરણ પ્રારંભમાં કદાચ લજ્જા, ભય આદિ વિવિધ કારણે પણ કરતા હોય તો તે અસંભવિત નથી. પરંતુ એ જીવો અનાગ્રહી હોવાના કારણે સદ્ગુરૂ આદિના યોગને પામી સાચી સમજ મેળવી ધર્મને નિર્મળ સ્વરૂપે આચરતા થાય છે, ત્યારે તેવો અમલ ધર્મ તેમને વાસ્તવિક અમાપ ફળને આપનારો બને છે. જયાં સુધી ધર્મ અમલ સ્વરૂપે ન થાય પરંતુ આ લોક અને પરલોકના તુચ્છ સુખોની ઇચ્છા સ્વરૂપ વિષ અને ગરલથી મિશ્રિત હોય ત્યાં સુધી તેવો ધર્મ કિંપાક ફળની મધુરતા જેવાં આપાતરમ્ય સુખોને આપી પરિણામે જીવને લાંબા કાળને માટે ભયંકર દુર્ગતિમાં ધકેલી દે છે તેથી જ અહીં શ્રી વજ્રસ્વામિજી મહારાજા ફરમાવે છે કે-

"धम्मो अत्थो कामो जओ न परिणामसुन्दराणए ।
किंपागपाग-खललोयसंग-विसभोयणसमाणा ॥
जम्मि न संसारभयं, जम्मि न मोक्खाभिलासलेसो वि ।
इह धम्मो सो णेओ, विणाकओ जो-जिणाणाए ॥
पावाणुबंधिणोच्चिय, मायाइमहल्लसल्लदोसेण ॥

"જે કારણે ધર્મ, અર્થ અને કામ પણ પરિણામ સુંદર નથી પરંતુ ક્રમશઃ કિંપાકફળના વિપાક, ખલ-લુચ્ચા-લોકની સંગતિ અને વિષભોજન સમાન કહ્યા છે—

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે આત્મામાં ધર્મનું આચરણ કરતાં સંસારનો ભય નથી, મોક્ષાભિલાષનો લેશ નથી અને શ્રીજિનાજ્ઞાનું પાલન નથી– તે ધર્મ પણ માયાદિ મોટા શલ્ય રૂપ દોષો હોવાના કારણે પાપાનુબંધીપુણ્ય બંધાવી કિંપાક ફળની જેમ, ભવપરંપરાને વધારનાર બને છે. ”

આથી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો મોક્ષમાર્ગ સ્વરૂપ ઉત્તમ ધર્મ કેવળ મોક્ષના આશયથી જ આચરવો જોઈએ. શ્રી જિનેશ્વરદેવના શાસનના આ મૂળભૂત સિદ્ધાંતને તમે તમારા હૃદયમાં બરાબર સ્થિર બનાવો, અસ્થિમજ્જા બનાવો અને એવી રીતે આત્મસાત્ કરી દો કે જેથી કોઈ પણ તેને હલાવવા માગે તો હલાવી ન શકે.

### ધર્મ અમલ બને ક્યારે ?

કોઈ મુગ્ધ જીવ પોતાની તેવા પ્રકારની મુગ્ધતાના કારણે પ્રારંભિક અવસ્થામાં મોક્ષના આશયથી અજાણ હોય અને ધર્મ કરવાથી સુખ મળે, એટલું સાંભળ્યું હોવાના કારણે ધર્મ કરતો થયો હોય અથવા તો લજ્જા, ભય આદિ કોઈપણ નિમિત્ત ધર્મનું આચરણ કરતો હોય, તેવો જીવ પણ જ્યારે કોઈપણ નિમિત્ત સાચી સમજને પામીને તે ધર્મને અમલ સ્વરૂપે આચરતો થાય છે ત્યારે જ તેવો અમલ ધર્મ તેને તેના વાસ્તવિક અમાપ ફળ મોક્ષફળને આપવા સમર્થ બને છે : તેમજ કોઈ સમજુ જીવ પણ લજ્જા-ભય આદિ કારણે ધર્મનું આચરણ કરતો હોય તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો ધર્મ ભાવધર્મ રૂપ ન બનતાં પ્રધાન દ્રવ્યરૂપ બને છે અને ત્યારબાદ તે જીવ પણ જ્યારે ઉલ્લાસપૂર્વક તે ધર્મને ભાવરૂપે અમલ સ્વરૂપે આચરતો થાય ત્યારે જ તેવો અમલધર્મ તેને તેના વાસ્તવિક અમાપફળ-મોક્ષફળને આપવા સમર્થ બને છે : આ વાત બહુ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારી બરાબર સમજી લેવા જેવી છે. ધર્મ અમલ ત્યારે જ બને છે કે જ્યારે તેમાં સંસારનો ભય, મોક્ષાભિલાષ અને શ્રી જિનાજ્ઞાપાલન ભળે. એ ત્રણ ભળે નહિ ત્યાં સુધી ધર્મ અમલ બને નહિ અને ધર્મ અમલ બને નહિ ત્યાં સુધી તે અમાપ ફળ આપવા સમર્થ થાય નહિ.

### એક જ આશય : તમે સાવધ બનો અને તેઓ સમજીને સન્માર્ગે આવે :

શાસ્ત્રના પ્રત્યેક વચનોને તેના મુખ્ય સિદ્ધાંતને બાધા ન પહોંચે તે રીતે જ ઘટાવવાં જોઈએ! મુખ્ય સિદ્ધાંતને આંખ સામે રાખીને જ તેને અનુરૂપ બને રીતે દરેક વચનોના અર્થો સમજવા અને સમજાવવા જોઈએ. આવી આવડત ન આવી હોય ત્યાં સુધી મૌન રહેવું વધારે સારૂં-પરન્તુ મનઃકલ્પિત અર્થો કરી મુખ્ય સિદ્ધાંતને બાધા પહોંચે તેવી ઉન્માર્ગ પ્રરૂપણા કરી પ્રભુશાસનની પાટને અભડાવવા જેવું દુષ્કૃત્ય જેઓ આચરે છે તેઓ પોતાના આત્માની કતલ કરવા સાથે અનેક ભવ્યાત્માઓના ભાવપ્રાણની કતલ કરવાના કંલકને પોતાના કપાળે ચોંટાડે છે. તમે એમનાથી સાવધ બનો અને તેઓ પણ સમજીને સન્માર્ગે આવે એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ આ બધી વાતો કહેવા પાછળનો આશય છે. આ પાટે બેસીને અમે જે કાંઈ બોલીએ તે કોઈને પાપ ચોંટાડવા કે કલંક આપવા માટે નહિ તેમજ કોઈના પ્રત્યે દુર્ભાવ કે તિરસ્કાર ભાવ વ્યક્ત કરવા માટે પણ નહિ. કેવળ સ્વપરના આત્મહિતને લક્ષ્યમાં રાખીને જ અમારે બોલવાનું હોય, નહિ તો અમારૂં પણ અકલ્યાણ થઈ જાય.

## મોક્ષનો આશય કોને કહેવાય અને શ્રી જૈનશાસનમાં કયા ગુણોની કિંમત છે?

હવે મોક્ષનો આશય કોને કહેવાય તે પણ સમજી લેવાની જરૂર છે. સંસારના કોઇપણ ભૌતિક પદાર્થની ઇચ્છા રાખ્યા વિના કેવળ મોક્ષ પ્રાપ્તિના ઈરાદાથી જે જીવ ધર્મ-ક્રિયા કરે તે મોક્ષના આશયવાળો કહેવાય. મોક્ષપ્રાપ્તિમાં આડે આવનારા વિષય–કષાય રાગ-દ્વેષ–ઈર્ષ્યા–ક્રોધ–માન - લોભ આદિ પાપોને દૂર કરવાનો આશય એ પણ મોક્ષનો જ આશય છે, કારણ કે એ બધાં પાપોને દૂર કરીને પણ એને મોક્ષ જ મેળવવો છે. ક્ષમા, નમ્રતા સરળતા આદિ ગુણો પણ મોક્ષપ્રાપ્તિનાં હેતુથી જ કેળવવાના છે. જેઓ એવા પણ સદ્ગુણોને પોતાના વ્યાપારાદિ આ લોકના સ્વાર્થને સિદ્ધ કરવા માટે જ કેળવતા હોય તેમને માટે પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા ફરમાવે છે કે–તેમના એ ગુણો પણ વાસ્તવિક ગુણો નથી પરંતુ મોહની મૂર્છા છે. એ ગુણો પણ મોહને જ પુષ્ટ કરે છે. જૈનશાસનમાં એવા ગુણોની ફૂટી કોડીની કિંમત નથી, કારણ તેવા ગુણો આત્માનું ભારે અહિત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારા નીવડે છે. જે ગુણો કે ગુણોનો અંશ પણ મોક્ષ પ્રાપ્તિમાં કારણ બનતો હોય કે બનનાર હોય તેની જ આ શાસનમાં કિંમત છે.

## ઉપસંહાર :

આવા એકાંત કલ્યાણકારી મોક્ષના અનન્ય ઉપાય ભૂત મોક્ષના આશયની મશ્કરી થાય તેવાં વચનો કોઈ પણ સુજ્ઞજનથી કદાપિ ઉચ્ચારાય નહીં. વળી મહાપુરૂષોના દૃષ્ટાંતોમાંથી મનફાવતો અર્થ ઘટાવી સિદ્ધાંતને ઠેસ પહોંચે તે રીતે નિરૂપણ કરવામાં ભગવાનના શાસનની ઘોર આશાતના છે. દૃષ્ટાંતોનો ઉપયોગ વિધાનોની પુષ્ટિ માટે કરવાનો છે પણ વિધાનોને ઊડાવવા માટે કરવાનો નથી. આ રીતે સૌ કોઈ ભવભીરૂ આત્માઓ પ્રભુ શાસનના રહસ્યને સમજી ઉન્માર્ગ પ્રરૂપણાના પાપથી બચી, પોતાના સંસારનો અંત નજીક લાવી, શીઘ્ર મુક્તિ સુખના ભોક્તા બનો એજ એક શુભાભિલાષા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપ અને તપસ્વી

વર્તમાનના ભોગવિલાસપ્રધાન વાતાવરણમાં શ્રી જૈનશાસનના કઠિન એવા મહાન તપોને આરાધવાના શુભભાવો જે પુણ્યાત્માઓના હૃદયમાં જાગે છે અને એને પરિપૂર્ણ કરવા જેઓ પ્રયત્નશીલ બની પૂર્ણ કરે છે તેમજ તે તપસ્વીઓની સાચા ભાવે અનુમોદના કરવાના શુભમનોરથો જે મહાનુભાવોને પેદા થાય છે, તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. તપસ્વીઓ પોતાના તપને શુદ્ધ કોટીનો અને પ્રભાવક બનાવવા માટે શ્રી જૈનશાસનને સમર્પિત મહાપુરૂષોએ ફરમાવેલી વાતો પોતાના હૃદયમાં સુસ્થિર બનાવે અને અનુમોદના કરનારા સાચા અનુમોદક બને તો ઉભયને માટે પરમપદની પ્રાપ્તિ અત્યંત સુલભ બને, એમાં જરાય શંકાને અવકાશ નથી.

શ્રી જૈનશાસનમાં ફરમાવેલ આ તપ શુદ્ધ કોટીનો બની રહે તે અંગે વેધક પ્રકાશ પાથરતા પૂ. ઉપા. શ્રી યશોવિજયજી ગણિવર ફરમાવે છે કે-'જે તપમાં આત્મરમણતા રૂપ બ્રહ્મચર્યનું પણ પાલન હોય, ભૂમિકા મુજબ શ્રી જિનેશ્વરદેવોની દ્રવ્ય અને ભાવપૂજા ચાલુ હોય, કષાયોનો હ્રાસ થતો હોય અને શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા એવી આત્મસાત્ થઈ હોય કે જેનું મોક્ષપ્રાપ્તિ સુધી સાતત્ય જળવાઈ રહે; તે તપ શ્રી જૈનશાસનને શુદ્ધ કોટીનો ઇષ્ટ છે' જ. તપ કરનારે પોતાના તપને શુદ્ધ કોટીનો બનાવવા માટે આ પ્રકારે પ્રયત્નશીલ બનવું જોઈએ.

તપ કરનારા આહારની લાલસાનો નાશ કરવાની અને અણાહારી પદની પ્રાપ્તિ કરવાની ભાવનાવાળા હોવા જોઈએ. શ્રી દશવૈકાલિક સૂત્રમાં ફરમાવ્યું છે કે-'આલોકના સુખ માટે, પરલોકના સુખ માટે કે કીર્તિ-વર્ણવાદ-પ્રશંસા આદિ માટે તપ કરવો ન જોઈએ, પરંતુ કર્મનિર્જરા માટે તપ કરવો જોઈએ.' શ્રી જૈન શાસનમાં ફરમાવેલ કોઈપણ આચારનું પાલન કર્મનિર્જરા માટે જ કરવાનું છે. સંસારના સુખની ઈચ્છાથી કરાતો તપ કે આચારપાલન તાત્ત્વિક ધર્મની કોટીમાં આવી શકે નહીં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપસ્વીઓએ પોતાના જીવનમાં તપગુણને આત્મસાત્ બનાવવા દૃઢ નિશ્ચયવાળા બનવું જોઈએ. જે સાધુ–સાધ્વીજી ભગવંતો મહાન તપો કરે છે, તેઓ તો તપગુણની સાધના સાથે સંયમ–સ્વાધ્યાય આદિની આરાધનામાં દિન–પ્રતિદિન અધિક ને અધિક શુભ પરિણામથી આગળ વધતા જ હોય, એમાં કંઈ કહેવાનું રહેતું નથી. જે શ્રાવક–શ્રાવિકાઓ તપધર્મ આરાધે છે, તેઓએ તપશ્ચર્યાઓ કર્યા પછી શ્રાવકધર્મની આરાધનામાં પોતાની શકિત અનુસાર આગળ વધવા જ પ્રયત્નશીલ રહેવું જ જોઈએ. તેવી શકિત ન હોય તોપણ ઓછામાં ઓછું પ્રતિદિન પ્રભુદર્શન, શક્ય હોય તો પ્રભુપૂજન, નવકારશી અને ચોવિહાર તથા રાત્રિભોજન અને અભક્ષ્યભક્ષણ ત્યાગ; તો તેમના જીવનમાં હોવા જ જોઈએ. એક મહિનો અને એથી અધિક તપ કરનારાઓ માટે આ જરાય કઠિન નથી. કોઈ કારણસર તે ન કરી શકતા હોય તોપણ તે કરવાની ભાવના, તે માટેનો શકય પ્રયત્ન અને નથી કરી શકતા તેનું તેઓને હૈયે ભારે દુઃખ તો થવું જ જોઈએ.

તપસ્વીઓનું બહુમાન, એ તપગુણનું બહુમાન છે. સમ્યગ્દર્શનના પાંચમાં 'ઉપબૃંહણા' નામના આચારનું એમાં પાલન છે. તપસ્વીઓનું બહુમાન કરનારાઓ પણ સાચા અનુમોદક ત્યારે જ બની શકે કે, જ્યારે તેઓ–'ખાવા પીવાની મોજ–મજા આત્માને માનનારી છે અને તપ આત્માને તારનારો છે' આવી શ્રદ્ધા ધરાવતા હોય અને એથી જ યથાશકિત તપ કરવાની ભાવનાવાળા હોય તેમજ પોતે તપ ન કરી શકતા હોવા છતાં તપ કરનારાઓનું બહુમાન કરીને પણ તપગુણને પ્રાપ્ત કરવાની અભિલાષા ધરાવતા હોય !

તમે સૌ શ્રી જૈનશાસનના શુદ્ધ તપના સાચા આરાધક અને સાચા અનુમોદક બની પરમપદને પ્રાપ્ત કરો એ જ એકની એક **અભિલાષા.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષની

# નવલી પ્રભાતે

# મંગલ યાચના

હે પ્રભો ! મને તારા પ્રભાવથી પ્રાપ્ત થાઓ.........

શ્રી ગૌતમ મહારાજા જેવી ગુરૂભક્તિ અને તપશક્તિ

શ્રી ધન્ના શાલિભદ્ર જેવો અનુપમ ત્યાગ

શ્રી અભયકુમાર જેવી કલ્યાણકારિણી બુદ્ધિ

શ્રી કયવન્ના શેઠ જેવું ધર્મપ્રભાવક સૌભાગ્ય

શ્રી બાહુબલિ ... બળ

Serving JinShasan
087553
gyanmandir@kobatirth.org

આવરણ : પપુ પ્રિન્ટર્સ, અમદાવાદ. ફોન ૨૩૦૬૩

For Private and Personal Use Only